વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્તસત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૪, અંક : ૧, માર્ચ - ૨૦૧૩
છુટક નકલ કિંમત રૂ. ૫-૦૦











શ્રી સ્વામિનારાયણ
મંદિર જેતપુર ખાતે
યોજાયેલ પાટોત્સવ





શ્રી સ્વામિનારાયણ
મંદિર ખંભાત ખાતે
યોજાયેલ પાટોત્સવ








શ્રી સ્વામિનારાયણ મંદિર
વડતાલની ગૌશાળામાં
દાનમાં આવેલ ગાયોનું
પૂજન કરતાં પૂજ્ય સંતો

Web Site :
www.vadtalmandir.org

E-mail address :

vsm191@yahoo.co.in

## Subscription

(india)
1year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)




# Shree Vadtaldham Satsang

Year - 4
Volume - 1
March - 2013

## હોરી ખેલત ધર્મ દુલારો...

હોરી ખેલત ધર્મ દુલારો. હોરી.
જીતે શ્યામ સખા સબ રીજે, તનમન હરિપર વારો;
ભલે ભલે ઘનશ્યામનામ તુમ, જીવનપ્રાણ હમારો;
નેનતેં કરીહું ન ન્યારો. હોરી.૧
ત્યાગી જુથ કોપ કરી ધાયે, પકરી લોરી કૃષ્ણ કારો;
ભાજે શ્યામ અશ્વ ચઢી આતુર, નિકસે નગર તજી બારો;
તદપિ મુનિ તજત ન પ્યારો હોરી.૨
સખા શ્યામ મુનિમંડલ સબ મીલી, ભ્રમત ભ્રમત સબ હારો;
મુની નિકર આગે બચન ન પાવે, ધર્મકુંવર દ્રગતારો;
કહત હારે રંગ જીન ડારો હોરી.૩
જો માગો સોઈ દેઉં મુનિવર, તુમ સબ મિલકે બિચારો;
પ્રેમાનંદકે પ્રભુ દેહો પ્રસન્ન હોઈ, તવપદ પ્રેમ અપારો;
રૂપ દ્રગતેં જીન ટારો. હોરી.૪

**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776

# અનુક્રમણિકા














| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | **‘‘આધ્યાત્મમંથન’’ - ૧૬**<br>- સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૩ |
| ૨ | **સભા સંચાલક વિશે**<br>- પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી | ૬ |
| ૩ | **શ્રી દેવશી ભગત- આંબા-પીઠવાજાળ**<br>- શા.સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૧૦ |
| ૪ | **બાળક અને પરિવારનું વાતાવરણ**<br>- સ્વામી શ્રી વિવેકસાગરદાસજી | ૧૨ |
| ૫ | **શિક્ષાપત્રી - A Management Mannual**<br>- ડો. સુરેશ પટેલ | ૧૪ |
| ૬ | **The Hi-jack of unaware soul**<br>- Rushi bhagat | ૧૭ |
| ૭ | **માસિક ભેટ નામાવલી** | ૨૧ |
| ૮ | **ફરતુ દવાખાનું** | ૨૪ |

## આધ્યાત્મ મંથન - ૧૬

# ''જીવન જીવવાની જડીબુટ્ટી''



લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી - કંડારી ગુરુકુલ
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી ચેરમેનશ્રી વરતાલ સંસ્થાન

**'જીવનનો ઉપયોગ સમયની સાથે સાથે સારા સારા કામોમાં મન પરોવીને કરવો જોઈએ, સારાં કાર્યો જ જીવનને મહાન બનાવે છે, એ ભૂલશો નહિ કે આ જીવન અસ્થાયી છે અને ક્ષણભંગુર છે એટલા માટે જ આ જીવનની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરવો જરૂરી છે.**

(ગતાંકથી)

પ્રેમ અને સમજણ જીવન માટેના પાયા છે આ પાયા મજબૂત હશે તો જીવન ભારરૂપ નહીં લાગે. જીવન દુણાયેલું હોય અને આત્મશાંતિ મળે એ શક્ય નથી. બહુધા લોકો વ્યક્તિપ્રધાન નહિ, પરંતુ વસ્તુપ્રધાન થઈ ગયા છે. એક માણસ બીજા માણસને માણસ તરીકે નહિ, પણ જણસ તરીકે જોતો થઈ ગયો છે. શાસ્ત્રો અને મહાપુરૂષો આપણને જીવન જીવવાની કળા શીખવાડે છે. જો તે કળા આવડશે તો શાંતિથી જીવન જીવી શકીશું. એક સૂત્ર છે : 'જાગીને જગત ના જુઓ, પોતાનું જીવન જુઓ.' રોટી કપડાં અને મકાનમાં આપણું જીવન વહેરાતું જાય છે.

જીવન એક ઘટના પ્રવાહ છે. વ્યક્તિ વહેતી નદીમાં બે વાર એ જ પાણીમાં સ્નાન કરી શકે, કારણ કે નદીનું પાણી બદલાઈ જાય છે; એ જ રીતે બાહ્ય રીતે એક સરખો દેખાતો પ્રસંગ અંદરથી સ્વરૂપે જુદો હોય છે. માણસના જીવનની સૌથી મોટી કમનસીબી એ છે કે, એ જેને જે આંખથી એકવાર જુએ છે તે દૃશ્ય તે જ સ્વરૂપ જીવનભર જડની જેમ પકડી રાખે છે. આખેઆખો માણસ બદલાઈ ગયો હોય તોય માણસ વિષેની તેની પૂર્વ માન્યતા ન બદલે.

એકવાર ખરાબ કે કડવો અનુભવ કરાવનાર માણસ કાયમ માટે આપણા ધિક્કારનું કારણ નહિ બને, આટલી સમજણ એકવાર જીવનમાં આવી જાય તો જિંદગીભરના અબોલા અને વેરની વસુલાત વગેરે લાગણીઓ જીવનમાં ઊઠશે નહિ. જીવન ઝેરમય બનતાં અટકી જશે.



કૌટિલ્યે અર્થાત્ વિષ્ણુગુપ્ત ચાણક્યે નીતિમાં લખ્યું છે કે, 'જીવનાનો ઉપયોગ સમયની સાથે સાથે સારા સારા કામોમાં મન પરોવીને કરવો જોઈએ. સારાં કાર્યો જ જીવનને મહાન બનાવે છે. એ ભૂલશો નહિ કે આ જીવન અસ્થાયી છે અને ક્ષણભંગુર છે એટલા માટે જ આ જીવનની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરવો જરૂરી છે.

'મૃત્યુ આવી જશે તો પછી કંઈ પણ રહેશે નહિ; ન તો આ શરીર રહેશે, ન કલ્પના રહેશે કે ન આશા રહી શકશે, દરેક પદાર્થો મોતની સાથે જ મોત પામી જશે!'

## ''જીવનની પસંદગી''

દરેક વ્યક્તિને પ્રભુ તરફથી જીવન મળેલ છે. સાથોસાથ જીવન જીવવા માટેની સ્વતંત્રતા પણ મળી છે, તેથી જીવનનો ઉપયોગ કઈ રીતે કરવો એ વ્યક્તિના માનસ ઉપર આધાર રાખે છે. માણસ સજ્જન બનવા ઈચ્છે છે તો સજ્જન બની શકે છે અને દુર્જન બનવા ઈચ્છે તો દુર્જન પણ બની શકે છે.

એક વ્યક્તિનું જીવન એવું છે કે સવારે વહેલા ઊઠી પવિત્ર થઈને પૂજા કરી પવિત્ર વાંચન કરી મંદિરે દર્શન કરીને નોકરી ધંધાએ જવું અને સાંજે પણ આરતી - સ્તુતિ - સંત સમાગમ વગેરે કરીને સૂઈ જવું; જ્યારે બીજા માણસનું જીવન એવું છે કે સવારે નવ વાગે ઊઠવું. જમીને તુરંત નોકરી ધંધે જવું સાંજે હોટલમાં



જમીને બગીચામાં ફરવા જવું અથવા ફિલ્મ જોવા જવું કે પછી મિત્રો અને પરિવાર સાથે ગપ્પાં મારી રાત્રિના બાર વગાડવા, અથવા તો અશ્લિલ નોવેલો વાંચી સૂઈ જવું. આ પ્રમાણે બંને જીવન જીવી રહ્યા છે.

એક સુંદર ધાર્મિક વાતાવરણમાં જીવન વિતાવે છે તેથી મનમાં શાંતિ છે. પ્રયત્ન કરતાં કરતાં જે ધન મળે તેમાંથી સંતોષ માની જીવન ગુજારે છે; જ્યારે બીજો માણસ અધાર્મિક વાતાવરણમાં જીવન વેડફે છે તેથી મનમાં અશાંતિ રહે છે. જેટલું કમાય છે તેમાંથી એલફેલમાં વાપરી નાખી વધારે કમાવાના પ્રયત્નો કર્યા કરે છે તેથી અસંતોષમાં જીવન ગુમાવે છે. શ્રીજી મહારાજે આપણને આપણા આયુષ્યની દોરડી આપણા જ હાથમાં આપી છે, હવે તે રસ્સીથી હિંડોળો બાંધી ઝુલવું કે ગળે ફાંસો ખાઈ જીવન પુરું કરી દેવું તેનો નિર્ણય આપણે સ્વયં કરવાનો છે.

આપણું સંપૂર્ણ જીવન આપણા ઉપર આધારિત છે. બીજાઓ રસ્તાઓ બતાવે, મુશ્કેલીઓના માર્ગો કેમ ખોલવા તેના ઉપાયો બતાવે પરંતુ ચાલવું તો આપણે જ પડે એ કામ બીજા ન કરી શકે. આપણા જીવનનું ધ્યેય આપણે જ નક્કી કરવાનું છે.

આ જગતમાંથી જ્યારે સંતો-ભક્તો અને મહામાનવો વિદાય થાય છે ત્યારે કોઈને કાંઈ વસ્તુ-પદાર્થ આપતા નથી ગયા અને પાપી લોકો ગયા છે ત્યારે સાથે કાંઈ લઈ ગયા નથી, મૃત્યુ સમયે તો બંને ખાલી હાથે જ ગયા છે; તો પણ જેઓએ પોતાનાં જીવન ધૂપસળી જેવાં બનાવ્યાં છે તેઓ સુંગધરૂપ બની અનેકને સુગંધિત કરતા ગયા અને તેને કારણે જ તેઓને પ્રેમથી વંદન કરી બધા યાદ કરે છે. પાપીઓ ગયા છે તેવો બીજાના જીવનમાં ધૂમાડો બની કેટલાકની આંખો બાળતા ગયા છે, તેથી તેઓને પ્રેમથી કોઈ યાદ કરતું નથી. તો આ બંને પ્રકારની વ્યક્તિઓ જગતમાં હોય છે, તેમાંથી કયો માર્ગ આપણે પસંદ કરવો એ આપણે વિચારવાનું છે.

જીવનમાં સમતુલા અને સ્વચ્છતા જાળવવી બહુ મુશ્કેલ હોય છે. ત્રાજવામાં કોઈ પણ જાતનું વજન

ન મૂકાય તો ત્રાજવાની દાંડી સીધી રહે અને એને કાંટો પણ બરાબર મધ્યમાં સ્થિર રહે છે. કોઈ એક પલ્લામાં સહેજ પણ વજન મૂકવામાં આવે તો દાંડી નમી જાય અને કાંટો પણ વજનવાળા પલ્લા તરફ નમી જાય છે, એટલે પલ્લાંને સમતુલ રાખવાં સરળ નથી; એ જ રીતે બે વિરુદ્ધ બાબતો વચ્ચે ઝોલાં ખાતા જીવનને સમતુલ અને સ્વસ્થ રાખવું કેટલું અઘરું હોઈ શકે એ સમજી શકાય તેવું છે, છતાં પણ તે અશક્ય તો નથી જ. શાસ્ત્રો અને સંતોનો સંગ કરવાથી જીવન પોઝિટિવ બની શકે છે, પછી મુમુક્ષુઓ એવા જ જીવનની પસંદગી કરે છે.

## “નેગેટિવ અનુકરણ - અનુસરણ”

માણસ એક સામાજીક પ્રાણી છે તેથી તેના જીવનમાં અનુકરણ તો રહેવાનું જ, પણ કોનું અનુકરણ કરવું અને કોનું ન કરવું તેનો ખ્યાલ ડાહ્યા લોકોએ રાખવો જોઈએ. પોઝિટિવ અનુકરણ કરવાથી જીવનમાં પ્રગતિ થાય છે અને નેગેટિવ અનુકરણ કરવાથી જીવનની ગતિ અને પ્રગતિ બંને અટકી જાય છે. જે દૈવી માણસ હોય તે હંમેશા સારું જ અનુકરણ કરે છે અને સારા લોકોનું જ અનુસરણ કરે છે, જ્યારે મુર્ખાઓ હોય છે તે તો સમજ્યા વિનાનું અનુકરણ કરતાં હોય છે અને ગમે તેને જોઈને વિચાર્યા વિનાનું અનુસરણ કરવા લાગી જતા હોય છે.

મનુષ્યને વિચારશક્તિ, વિવેકશક્તિ, બુદ્ધિશક્તિ અને નિશ્ચયશક્તિ પ્રાપ્ત છે. વળી તેની પાસે પરિણામલક્ષી દૃષ્ટિ પણ છે. તેની પાસે આવી વિશેષ શક્તિઓ હોવાથી તે કોઈ પણ કાર્યમાં વેગ લાગ્યા વિના પ્રથમ તેના ગુણ-દોષને તપાસી જુએ છે, સારાસારનો વિવેક કરી શકે છે, પણ આવાં ઉત્તમ સાધનો મળવા છતાં તેમનો ઉપયોગ કરવાને બદલે કોઈનું અનુકરણ કે અનુસરણ કરે છે, તે વિષે ગધેડાની વાર્તા સાંભળો. આ વાત ઈસપને બાળવાર્તાઓની છે.

એકવાર તીડનું મોટું ટોળું એક સ્થાનેથી બીજા સ્થાનમાં જતું હતું તેમના અવાજથી એક પ્રકારનું સંગીત વાગતું હોય એવો અવાજ આવતો હતો. આ સંગીત સાંભળીને ગધ્ધાભાઈને ગાવાનું મન થયું ! પણ તેને હો...ચી, હો...ચી, સિવાય બીજું કાંઈ ગાતાં આવડતું ન હતું. ગધ્ધાએ તો ગળું સુધારવાનો પ્રયત્ન કર્યો, પણ સફળતા મળી નહિ.


એક દિવસ તેણે તીડનાં ટોળાંને પૂછ્યું : ‘તમારી પાસે આવો મધુર અવાજ ક્યાંથી આવ્યો ?’ તીડોને ગધેડાની મુર્ખામીનો ખ્યાલ આવી ગયો તેથી મશ્કરીના રૂપમાં બોલ્યાં : ‘વૈશાખનંદન ! અમે માત્ર ઝાકળનો આહાર કરીએ છીએ એટલે અમારો કંઠ મધુર છે, જો તમારે પણ મધુર કરવો હોય તો ઝાકળ ચાટવાનું શરૂ કરો અને ઘાસ ખાવાનું બંધ કરો.’



સુંદર કંઠ કરવા ગધેડો વહેલો સવારે ખેતરમાં જઈને ઝાકળ ચાટવા લાગ્યો અને ઘાસ ખાવાનું બંધ કર્યું. થોડા દિવસ પછી ભૂખને કારણે બીમાર પડ્યો ને અંતે મરી ગયો. આ પ્રસંગથી દરેક વ્યક્તિએ એ સમજવાનું છે કે, પોતાની મર્યાદા અને આવડત પ્રમાણે કરવું જોઈએ, પરંતુ ગધેડાની જેમ બીજાઓનું જોઈને અનુકરણ કરવા લાગે તો જીવનમાં સુખને બદલે દુઃખ જ આવે એ વિષે

(અનુ.પાન ૧૯ પર)

# સભા સંચાલક વિશે



લેખક : પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળધામ)

**૧) સભાસંચાલક કોને કહેવાય ?**

-આયોજનના દોરને સંભાળનાર

- આખા આયોજનને લ્યુબ્રીકેટીંગ કરીને સ્મુદથી, વેગવંતું રાખનાર.

- વચ્ચે વ્યાસપીઠ અને ઠાકોરજી, આજુબાજુ અન્ય પીઠો હોય અને અન્ય આગંતુકની બેઠકો હોય. આ બધાની વચ્ચે જ્યાં જેટલી જગ્યા મળે ત્યાં પોડીયમ પર પડ્યો પડ્યો પડકારા કરે તેનું નામ સંચાલક.



- જેને ન કહેવાય વક્તા, ન કહેવાય પીઠપતિ, ન કહેવાય સભાપતિ, ન કહેવાય આયોજક, ન કહેવાય યજમાન, ન કહેવાય પ્રવચક, ન કહેવાય સલાહકાર તેમ છતાંય સૌથી વધોર આખા આયોજનમાં વધારેમાં વધોર સમય જે દર્શનાદિકનો લાભ આપે તેનું નામ સંચાલક. ટૂંકમાં સૌથી વધારે સમય સેવા આપી આખા ઉત્સવને શોભાવંતો સફળ બનાવે એનું નામ સંચાલક.

**૨) સભાસંચાલકના સુલક્ષણ શું હોય ?**

- ટૂંકમાં, સચોટ વાત કરી શકે, મુક્ત કંઠે બોલી શકે.

-સ્પષ્ટ ઉચ્ચારણવાળા હોય.

-રાગ-દ્રેષ રહિત તટસ્થ હોય.

-આધ્યાત્મિક અને જનરલ નોલેજવાળા હોય.

- હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત ભાષાનું પણ થોડું જ્ઞાન હોય.

-સૌને પ્રિય લાગે તેવી મીઠીવાણીવાળા હોય.

-ફોર્માલીટી રહિત બોલતા હોય.

-ડર, ઉદ્વેગ, ઉન્માદ રહિત હોય.

-સામાજીક-રાજકીય વ્યક્તિઓથી પરિચિત હોય.

-ચકોર અને પ્રભાવશાળી હોય.

- સભાસંચાલક, વક્તા અને પ્રવચક આદિની ભેદરેખાથી વાકેફ હોય.

**૩) સભાસંચાલકના કુલક્ષણો કેવા હોય?**

-જરૂર કરતાં વધુ બોલી લાંબુ કરે.

-માહિતી વગરનું બોલે.

-પક્ષપાતી, અન્યાયી, અસત્યભાષી હોય.

-પ્રોગ્રામ કે કાર્યક્રમની સભાનતા ન હોય.

-પોતાના જ્ઞાનનું બિનજરૂરી પ્રદર્શન કરતો હોય.

- ઢીલો, ખુશામતિયો, ડોઢ-ડાપણિયો હોય.

**૪) સભાસંચાલકનું કર્તવ્ય-જવાબદારી શું?**

- સૌની પહેલા આવી જાવું અને સૌથી છેલ્લે જાવું.
- તમામ પ્રોગ્રામની પૂરી જાણકારી રાખવી.
- આયોજક સાથે સંપર્કમાં રહેવું, મીટીંગ કરતા રહેવું.
- વક્તાદિકની કથા-વાર્તા સુણવી, યાદ રાખી ટૂંકમાં સાર કહેવો.
- વક્તા, કાર્યકર્તા, મહેમાનો, યજમાનો, સ્વયંસેવકોને યથાયોગ્ય બિરદાવવા.
- નાના-મોટા પ્રોગ્રામો અને પ્રોગ્રામરોને બિરદાવી લેવા.
- આગળના સારા પ્રોગ્રામોની રોચક રીતે અગાઉથી માહિતી આપતા રહેવું.
- આયોજનના ક્રમનું લખેલું લીસ્ટ સાથે રાખવું, ભૂલી ન જાવું.

**૫) સભાસંચાલકનું કુનેહ શું હોય ?**

- પોતે બાફે નહીં અને અન્યના બાફેલાનું બેલેન્સ કરી શકે.
- અપૂર્તિની પૂર્તિ તથા વધારાનો કાપ કરી શકે.
- ઉપયોગી ગદ્ય-પદ્ય કંઠસ્થ સાહિત્યને સમયોચિત વ્યક્ત કરી શકે.
- હાસ્ય, વિનોદાદિ કરાવતા આવડતું હોય.
- ઓડિયન્સને પકડી રાખે.
- જે તે પ્રસંગને યથાર્થ ઓપ આપી શકે.
- કોઈ કાંઈ કહી જાય કે લખાણ દઈ જાય તેને યોગ્ય શબ્દોમાં યોગ્ય સમયે ગાળી-ચાળીને બોલી જાણે.
- ચાલુ પ્રોગ્રામે અઘટીત અકસ્માતાદિકમાં પોતે નીડર રહી ઓડિયન્સને બેધ્યાન યા રફે-દફે થવા ન દે.
- અગત્યના પ્રોગ્રામ વખતે મેઈન વ્યક્તિ યા મેઈન ક્રિયામાં સર્વે ઓડિયન્સનું ધ્યાન ખેંચાય તેવા સમયોચિત્ શબ્દપ્રયોગ કરી જાણે.
- મોટા માણસોને બિરદાવ્યા-બોલાવ્યા પછી તે સ્ટેજે પહોંચે ત્યાં સુધી અન્ય વાતોને આટોપી શકે પણ સમય બગડવા ન દે છતાં, મેઈન વ્યક્તિ સ્ટેજ પર કાર્યરત થાય ત્યારે સર્વે શ્રોતાઓનું ધ્યાન ત્યાં દોરાય તેવું અચૂક બોલે જ.

**૬) સભાસંચાલકમાં શું શું વિવેક જરૂરી છે?**

- વોલ્યુમ ધીમું હોય તો માઈક નજીક રાખવું અને વધોર હોય તો દૂર રાખવું જોઈએ. સૌને સંભળાય તેમ બોલવું જોઈએ.
- કોઈ કાનમાં વાત કરવા આવે તો માઈક બંધ કરી દેવું.
- કોઈ વાત કરવા આવે ત્યાં જ્યાં વાત બંધ કરી હોય તેનું અનુસંધાન રાખી ત્યાંથી આગળ શરૂ કરી દેવી.



**૭) સભાસંચાલકના વાણી વિવેકો શું હોવા જોઈએ ?**

- તેમણે લીલાચરિત્રની વાતો તથા ઉદેશાત્મક વાતો લાંબી કરવી નહીં.
- આખા આયોજનને

કંટ્રોલ કરવા પણ વાણીનો વિવેક ચૂકાવો નહીં.

- કંટ્રોલ કરવાય શ્રોતાગણને શરમ થાય, સંકોચ થાય, નીચું જવાનું થાય તેવા શબ્દો, વર્ણન કે દાખલા નહિ લાખવા જોઈએ.

- મોટાની મર્યાદાનું ઉલ્લઘંન થાય એવી વાણી ન બોલવી.

- આદરણીય વ્યક્તિને પરિચિત શબ્દોવાળા સંપૂર્ણ નામ સાથે બોલાવવા. દા.ત.પ.પૂ.શા. શ્રી માધવપ્રિયદાસજી સ્વામી છારોડી ગુરુકુલ પધારેલ છે વગેરે.

- કોઈ બોલવા આદિમાં થયેલી ભુલ ખુલ્લી થઈ જાય તેવા શબ્દો ઉચ્ચારવા નહીં.

### ૮) સભાસંચાલકની મર્યાદા શું ?

- આયોજકની સુચના અનુસાર રહેવું, કંટ્રોલ બહાર ન જાવું.

- મોટાની વાત ઉપર વાત ન કરવી, ટીકાકાર ન થાવું.



- કોઈની ભૂલના ઉદ્ઘાટક ન થાવું, ઢાંકણ થાવું.

- આયોજક સિવાયનાની જાહેરાત વગર પૂછે ન કરવી.

- પોતાનો અને સભાને ન શોભે તેવા દ્દષ્ટાંત ન દેવા.

- એવા શબ્દ પ્રયોગ ન કરવા કે સભામાં બેઠેલાને નીચે જોવું પડે.

- પોતે સભાપતિ, આયોજક, વક્તા કે પ્રવચક નથી તેનું ભાન રાખવું.

- પ્રોટોકોલનું ઉલ્લંઘન ન કરવું, ખોટી ખુશામત ન કરવી.

- સ્વ કે સ્વીયની સ્વાર્થ માટે પ્રશંસા ન કરવી.

### ૯) સભાસંચાલકે કેટલું બોલવું ?

- બને એટલું ઓછામાં ઓછું બોલવું.

- વક્તાશ્રી થોડું સભાસંચાલન કરી લે તે યોગ્ય છે પરંતુ સંચાલકશ્રી વ્યાસપીઠપણું કરી લે તે શોભે નહીં, તેમ છતાં જરૂર જણાય તો કરી લેવું પણ જોઈએ.

### ૧૦) સભાસંચાલકો કેટલા રાખી શકાય?

- આયોજનની વિશાળતા મુજબ રાખી શકાય. પરંતુ એક મુખ્ય અને બીજા તેની નીચે હોવા જોઈએ. અને કાર્યક્રમની વહેંચણી હોવી જોઈએ. દા.ત. ૧. ગ્રંથ તથા વક્તાને બિરદાવનાર, ૨. આવેલ મહેમાનોનો પરિચય કરાવનાર, ૩. આયોજક એવં આયોજન સંપુષ્ટિ દાતાનું બહુમાન કરાવનાર. ૪. પરચુરણ આયોજન સમેટનાર. પરંતુ એકબીજાને ઓવર ટ્રેક ન કરવા. સૌને ટ્રેક ઉપર રહેવું. સાથે હળીમળીને કાર્ય કરવું.

### ૧૧) સભાસંચાલકની સફળતા શું ?

- આયોજનને રંગ લાવી દે.

### ૧૨) સભાસંચાલકની નિષ્ફળતા શું ?

- બધાને તંગ લાવી દે તે.

### ૧૩) કેવા સંચાલક સૌને પ્રિય લાગે ?

- વાણી-વર્તનની એકતાવાળા
- કુનેહવાળા, કર્તવ્યનિષ્ઠ
- મધુર અને મિતભાષી, તટસ્થ
- સ્વ નહિ પણ પરપ્રશંસક

- આયોજનાદિક સર્વપોષક

ખાસ : સમયમાં સાવધાન લાંબુ નહિ કરનારો પ્રિય લાગે છે.

**૧૪) કેવા સંચાલક પ્રિય નથી લાગતા ?**

- વધારે પડતો ઊંચો અવાજ, અતિ રાડો નાખવી.
- અતિ તીણો કાં ઘોઘરો અવાજ, ટૂંકમાં વાણીની મીઠાશ ન હોવી.
- ઉત્સાહરહિત-ઢીલોઢફ, કેટલીય વારે એક એક શબ્દ બોલે અર્થાત્ જેને શબ્દ ગોતે પણ મળે નહિ, બળ કરે ત્યારે માંડ મળે તેવો
- પૂર્વતૈયારી વગરનો
- નેગેટીવ, સ્વાર્થી, બુદ્ધિ વગરનો
- સમય પાલનમાં ગાફલ
- આયોજનને સંપૂર્ણ નહિ જાણનારો
- પરફેક્ટ ન બિરદાવી શકનારો.

**૧૫) આદર્શ સભાસંચાલક બનવા શું શું જરૂરી છે ?**

- સારાં સંચાલકને આદર્શ માનવા અ ને શીખવાની દૃષ્ટિથી તેમને ખૂબ સાંભળવા અને ઘટતું તેમને પૂછીને શીખી લેવું.
- કામ લાગે તેવા શ્લોક, દોહા-ચોપાઈઓ, કડીઓ કે શેર-શાયરીઓ જરૂર પડે એટલા શીખી લેવા.
- આધ્યાત્મિક તથા જનરલ નોલેજ સામાન્ય તો હોવું જરૂરી છે.
- ખાસ તો આયોજનની માહિતીની સંપૂર્ણ પૂર્વ તૈયારી કરવી જોઈએ.
- સ્લિપ પેડ રાખવું, તેમાં ક્રમશઃ લખાણ કરવું. મોટા અક્ષરે, સારા અક્ષરે, ક્રમબદ્ધ લખાણ હોવું જરૂરી છે. તેની સાથે આમંત્રણ પત્રિકા રાખવી જ જોઈએ.

**૧૬) સભાસંચાલકોની મુશ્કેલીઓ શું શું હોય ?**

- તેઓ જ્યારે બોલતા હોય ત્યારે તેમની બોલવાની લીંક તૂટી જાય એમ સૂચન કરવું વગેરે વર્તન કરવું.
- આયોજકોએ સમયોચિત બધી માહિતી પૂરી ન પાડવી.
- આયોજક, યજમાનો, દાતાઓ વગેરેએ પોતાના ખોટા વખાણ-સન્માન આદી કરવવાનો ફોર્સ કરવો.
- તે આયોજકોને આધીન હોવાથી દાયપાત્ર દૃષ્ટિએ જોવાલાયક છે માટે તેની પરિસ્થિતિને જાણ્યા વિના જુલમ કરવો તે.
- એટલું પ્રેશર તેને માથે આવી જાય કે તેની કુનેહ અને કર્તવ્ય ખીલી તો ન શકે પરંતુ કરમાઈ જાય.
- તેનું માઈક પહેલે જ ધડાકે ચાલું ન હોવું કે ચાલુ ન થાવું અને તેનું માઈક સ્વીચવાળુ ન હોવું.
- સંચાલકનું પોડિયમ દરેક વ્યક્તિઓ ન દેખાય એવી જગ્યાએ હોવું.
- અન્ય માણસોનું એને આડે આવવું અને કાર્યદર્શન ન થવા દેવું.
- વગર બોલાવ્યે વધારાના માણસો એ આવવું, જવું.



(અનુ.પાન ૨૦ પર)

# શ્રી દેવશી ભગત
# આંબા-પીઠવાજાળ



લેખક : સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી - ચેરમેનશ્રી વરતાલ સંસ્થાન

(ગતાંકથી)

મને કોઈ રસ્તો બતાવો. હું જુગાર કે દારૂપાન કરીને પાયમાલ નથી થયો. મેં તો તમારા મંદિર માટે સર્વસ્વ અર્પણ કર્યું છે. હવે હાંસી મારી જ થાય છે પણ નામ તમારું પણ બગડે છે તમારું મંદિર કરીને કોઈ જીવ દુઃખિયો થશે તો પછી મંદિરમાં સેવા કોણ કરશે ? પ્રભુજી ! મારું માર્ગદર્શન કરો. કાલ સવારે સગાં સંબંધી આવશે, હું તેને શું મુખ દેખાડીશ. ?



આજ દેવશીભગત જેવા મરદ પુરુષને પરિસ્થિતિએ રાંક બનાવી દીધા છે, તેમના અંતરમાંથી આજ યાચનાના સ્વરો ફૂટ્યા. રક્ષા કરો, મહારાજ, મારી રક્ષા કરો.

આંબાગામમાં દેવશી ભગતની ઊંઘ ઉડી ગઈ અને અક્ષરધામમાં શ્રીજી મહારાજની. શ્રીજી મહારાજ પળનોય વિલંબ કર્યા વિના પ્રગટ થયા. અને દેવશી ભગતને ઠપકો આપ્યોઃ અમે તમને તમારી ચિંતા કરવાની ના પાડી છે, એ તમે કેમ ભૂલી ગયા ? શું હવે તમને પણ અમારામાં વિશ્વાસ નથી રહ્યો ? ગામ લોકોની વિખવાણીથી તમારી શ્રદ્ધા પણ મરી પરવારી છે ? ''न मे भक्तः प्रणश्यति'' ચિંતા છોડો અને લગ્નની તૈયારી કરો. સૌ સારાવાના થઈ જશે.'' દેવશી ભગતે ભૂલ બદલ ક્ષમા માંગીઃ માફ કરજો, મહારાજ ! આ માયાનું બંધન જ એવું છે કે, તમારી કૃપાને ભૂલાવી દે છે, પણ ફરી આવી ભૂલ આ દાસ નહિ કરે. મને માફ કરજો, મહારાજ !

શ્રીજી મહારાજ અંતર્ધાન થયા અને ભગત ઊંઘી ગયા. આજે ઘણા દિવસ પછી આટલી શાંતિથી ઊંઘ આવી. સવારનો નિયમિત સમય થયો હતો તો પણ જાગ્યા નહિ. તેથી કબાની માએ વિચાર્યું ; રોજ તો ઊંઘતા નો'તા ને આજ જાગતા નથી, જો તો કબા તારા બાપને જગાડ તો. કબાએ ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ જોરથી બૂમ પાડી. દેવશી ભગત ઊઠ્યા. તે ઊઠ્યા ત્યારે કબાની માને શાંતિ થઈ.


દેવશી ભગત નિત્ય વિધિમાંથી પરવાર્યા ને કંકોતરી લઈને વાણિયાને ત્યાં ગયા. મારે ઘેર પ્રસંગ આવે છે. મારે ઉધાર સીધું સામગ્રી જોઈએ છે. શેઠે કહ્યુંઃ તમારાથી ક્યાં પૈસા અધિક છે. જે જોઈએ તે લઈ જજો અને થાય ત્યારે પૈસા આપજો. તમ જેવા ભગતનું મારે વ્યાજ પણ ના જોઈએ. એક કામ થયું. ઘરવખરી લેવા ગયા. ત્યાં પણ વાણિયા જેવો જ મીઠો પ્રતિસાદ મળ્યો. બીજું કામ પત્યું. દરજીને ત્યાં ગયા. ત્રીજું કામ

પત્યું. મોભા પ્રમાણે ખર્ચ કરવા લાગ્યા. ને જે ટીકા ટીપ્પણી કરતા હતા તે જ સહાય કરવા લાગ્યા, આ સઘળો શ્રીજીનો મહિમા છે.

શ્રી નરસિંહ મહેતાની એક હુંડી સ્વીકારી હતી અહીં તો રોજ રોજની હુંડી ચાલવા લાગી. વાજતે ગાજતે જાન ચાલી. વેવાઈને ગામ પહોંચ્યા, પણ વેવાઈના મનમાં હજું પાપ હતું. તેણે લગ્ન પહેલાં જો રોકડા રૂપિયા ન આપે તો લીલા તોરણે જાન પાછી કાઢવાનું કલ્પેલું. કન્યાના બાપે ભગત પાસે ૫૦૦ રૂા. રોકડા માંગેલા. પૈસા આપવાના છે એવું જાણતા હતા છતાં હતા નહિ તેથી લીધા વિના જ આવેલા. અને વેવાઈ રોકડા રૂપિયાની રાહ જોઈ રહ્યા હતા.

વેવાઈની આંખ વાંસળી શોધતી હતી. ત્યાં તો એક શાહુકાર આવ્યા. ભગતને મળ્યા ને સૌ સાંભળે તેમ કહ્યુંઃ તમે અમારાં ઘણાં કામ કર્યાં છે અને આજે તમારે નગદ નાણાંની જરૂર છે તેથી અમે આ વાંસળીઓ લઈને આવ્યા છીએ. આપને જરૂર પડે તેમ વાપરજો, કોઈ ચિંતા ન કરતા. ભગત શાહુકારને ઓળખી ગયા. આ સહજાનંદ શેઠ છે. તેમણે મીઠા શબ્દોથી શેઠનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો અને વેવાઈને બોલાવીને કહ્યું કે, લો આ તમારા રૂપિયા, સોનીને બોલાવીને બરાબર જોઈને ગણાવી લો.''

સોની આવ્યા. સિક્કા જોયા. છક્ક થઈ ગયા. રણકાર સાંભળીને સોની બોલ્યાઃ ભગત, આવા ચમકતા રણકતા રૂપિયા તો નવાબે પણ નહિ જોયા હોય. દેવશી ભગત કહે, સાચી વાત છે, આ જૂનાગઢી નવાબની પેઢીના રૂપિયા નથી, આ તો સહજાનંદી પેઢીના રૂપિયા છે. વાત હવામાં જતી રહી. સહજાનંદી પેઢીને કોણ સમજી શકે ? પણ પૈસાને તો બધા જ સમજે. વેવાઈએ ૫૦૦ રૂપિયા રોકડા ગણી લીધા. ત્યારે પેલા શાહુકારે કહ્યું : ભગત ! હજું તમારે ઘણી જરૂર પડશે, અમારે હજું તમને ઘણી મોટી રકમ આપવાની છે જ, તો આજે આ રૂપિયા આપ રાખો. ભગતે ચારસો રૂપિયા રાખ્યા. મીઠું મોંઢું કરાવીને શાહુકારને વળાવવા ગયા. સૌ તેમનાં રૂપ-ચાલ-મીઠી જીભ પર મોહી ગયા હતા, એટલે ભગતની સાથે વળાવવા ગયા પણ થોડું ચાલ્યા ત્યાં તો શાહુકાર અદ્રશ્ય થઈ ગયા. કોઈને ખ્યાલ જ ન રહ્યો ક્યાં ગયા ? સૌ આજે આશ્ચર્યમાં મુકાઈ ગયા. ભગત ભારે ઊંડો લાગે છે. પૈસાના કોથળા ફેરવે છે. સહજાનંદ શાહુકારની અસીમ કરૂણાથી ભગતે પુત્ર કાબા ના લગ્ન ધામધૂમથી કર્યા. કન્યાપક્ષે પણ ખુશ થયા. લોકો પણ હવે ભગતની ભક્તિનું ઊંડાણ સમજી ગયા. લોકો વાતો કરવા લાગ્યા કે, આ નરસિંહ મહેતાનો અવતાર છે. ભાઈ, એને શામળિયો શેઠ રૂપિયા ધીરે છે. જુવોને, કેવો લગ્ન પ્રસંગ કર્યો. ભગવાને તેના ભગતની લાજ રાખી. હા...વો... ભગવાનને ત્યાં દેર છે પણ અંધેર નથી. આજ ભગતની ભક્તિ ફળી છે.



વાતોનો પ્રવાહ બદલાઈ ગયો.

પણ દેવશી ભગતની ભક્તિનો પ્રવાહ અવિચળ છે. ખાધે પીધે સુખી થયા. નવાં ખેતરો પણ ખરીદ્યાં. મકાનમાં પણ જરૂરી સુધારા-વધારા કર્યા અને વ્યવહારની પીંજળ કબાને માથે નાંખી. પોતે જરૂરી માર્ગદર્શન આપે, કામ થાય

(અનુ.પાન ૨૦ પર)

# બાળક અને પરિવારનું વાતાવરણ



**લેખક : સ્વામી શ્રી વિવેકસાગરદાસજી**
ગુરુવર્ય પ.પૂ.સદ્.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી-વડતાલ)

બાળકના જીવનમાં સંસ્કારની શરૂઆત માતાના ગર્ભમાં થાય છે, તે આપણે પ્રથમ ક્રમમાં જોયું. હવે બીજા ક્રમમાં જોઈએ તો બાળકના જન્મ પછી સારા નરસા સંસ્કારની અસર પરિવારના વતાવરણ પરથી થાય છે.

એટલે કહેવું છે કે, જેવું વાતાવરણ તેવા વિચારો અને જેવા વિચારો તેવો આચાર.

બાળક જેવું જુએ છે અને સાંભળે છે તેવું આચરણ કરે છે.



બાળક ટીકાત્મક વાતાવરણમાં ઊછરે તો માત્ર નિંદા કરતાં જ શીખે છે અને સંસ્કાર ભર્યા વાતાવરણમાં ઊછરે તો પ્રશંસા કરતાં શીખે છે. બાળક લડાઈ ઝઘડાવાળા વાતાવરણમાં ઊછરે છે તો ઝઘડા શીખે છે અને સહનશીલતા મય વાતાવરણમાં ઊછરે તો ધૈર્ય કેળવે છે. બાળક દબાણ અને તણાવભર્યા વાતાવરણમાં ઊછરે છે તો પોતાની વેદના વ્યક્ત કરવામાં સંકોચ અનુભવે છે અને પ્રોત્સાહન ભર્યા પ્રસંગો કે પ્રેરણાદાયિક વાતાવરણમાં ઊછરે છે તો એનામાં આત્મવિશ્વાસ વધે છે. જો બાળક ભક્તિમય વાતાવરણમાં ઊછરે છે તો તેનામાં ભગવદ્ પ્રેમ જાગ્રત થાય છે.

માટે માતા-પિતાએ બાળકના માનસ પર ખરાબ સંસ્કારની અસર ન થાય તે માટે તેમણે ઠઠ્ઠા મશ્કરી, કુચેષ્ઠા, અપશબ્દો, ઝઘડાનું વાતાવરણ ટાળવું જોઈએ.

માતા જીજાબાઈ શિવાજીને પારણિયામાં ઝુલાવતા ત્યારે તેઓ યુદ્ધભૂમિના વર્ણનના શૂરાતનના હાલરડા ગાતા. તેથી શિવાજીના જીવનમાં શૂરવીરતા પ્રગટી હતી. આ કારણે જ તેઓ પોતાના ગુરુ સમર્થ રામદાસની દવા માટે સિંહણનું દૂધ લાવીને આપ્યું હતું. તેમજ વિધર્મીઓ સામે શૂરવીરતાથી લડી તેમને હરાવ્યા હતા.

વિશ્વાસુ ગંધર્વની પુત્રી મદાલસાના લગ્ન ઋતુધ્વજ રાજા સાથે થયા હતા. તેમના દિકરા વિક્રાંત, સુબાહુ, શત્રુમર્દન, અલર્ક વગેરે વિપુત્રોને તેમના કલ્યાણ માટે 'બુદ્ધોઽસિ શુદ્ધોઽસિ નિરંજનોઽસિ...' વિગેરે આત્મા પરમાત્માનું જ્ઞાન આપતા. તેથી તેઓ સંસારનો ત્યાગ કરી સાધુ થયા હતા.

પોતાના દિકરાઓ સાધુ થયા તેવા સંસ્કારો તો કોઈ વિરલ માતા આપી શકે તે બધાય માતા-પિતાનું કામ નથી. પરંતુ દરેક માતા-પિતા તો પોતાનો બાળક

સારો સંસ્કારી બને અને તેના જીવનમાં વ્યસન ફેલ, વ્યાભિચાર, જુગાર, દારૂ, માંસ વિગેરે કુલક્ષણો દૂર રહે તેવો ઉપદેશ અને સંસ્કારો આપી શકે છે. પોતાનું કુળ, સમાજ, દેશનું નામ રોશન કરે તેવા સંસ્કારો પણ આપી શકે છે.

મોહનદાસ કરમચંદ ગાંધી જ્યારે વિદેશ બેરિસ્ટરનો વિદ્યાભ્યાસ કરવા જવા તૈયાર થયા. ત્યારે તેની માતા પૂતળીબાઈએ કહ્યું : 'મોહનદાસ ! મારે તને ભણવા જવા દેવો નથી.' મોહનદાસે પૂછ્યું : 'મા ! તમે મને શા માટે ના પાડો છો ?' ત્યારે તેની માતાએ કહ્યું : 'બેટા ! ત્યાં દારૂ, માંસની છૂટ હોય એટલે તારું જીવન બગડી જાય.' પછી મોહનદાસે પોતાની માતાને વચન આપ્યુ કે, 'મા ! હું દારૂ, માંસ અને વ્યાભિચારથી દૂર રહીશ.' માતાને આપેલા આ વચન મોહનદાસે જીવન પર્યંત નિભાવ્યું. તેથી જ તે મહાન થયા અને મહાત્મા ગાંધી કહેવાયા. એટલું જ નહીં પણ દેશના રાષ્ટ્રપિતા કહેવાયા. જો મોહનદાસને તેની માતાએ ટકોર કરી ન હોત અને મોહનદાસને પોતાની માતા કે પરિવારનું ગૌરવ ન હોત તો આજે મહાત્મા ગાંધી ન હોત અને આટલી ખ્યાતિ કે કીર્તિ ના હોત.

લંડનમાં હરેશભાઈના માતુશ્રી તેમના પૌત્રોને દરરોજ વચનામૃતની વાતો કરતા અને કિર્તનો શિખવાડતા તે બાળકો ત્યાં અંગ્રેજી માધ્યમમાં ભણે છે છતાં પણ વચનામૃત અને કિર્તનો ગુજરાતીમાં કડકડાટ બોલે છે. કારણ કે ઘરમાં સત્સંગનું વાતાવરણ છે.

જુના જમાનામાં બાપા પોતાના દિકરાઓને ઉપદેશ આપતા તેનું એક ભજન આવે છે.

બાપા કહે, સુણ બેટા મારા પાપને પંથે તું ચાલીશમાં, હરિભજનમાં ભંગ પડાવે એવી ઘોને ઘરમાં ઘાલીશમાં. પરધન કે પરનારીને ભાઈ, કૂડી નજરે નિહાળીશમાં, સ્નેહભર્યા સંસારમાં હો તારા ઘરના સુખને ટાળીશમાં.

દોહ્યલે દુભાવુ ને સહાયક થાવું, હરામી ભેળો તું હાલીશમાં, હરિ રાખે તેમ રહેજે જગતમાં, ઉર અભિમાન તું આણીશમાં.

ક્ષણિક સુખને ખાતર કોઈથી, હરામી ભેળો તું હાલીશમાં, હરિ રાખે તેમ રહેજે જગતમાં, અગળે માર્ગે ઉડાડીશમાં.

દાદા દાદી દીકરીઓને પણ ઉપદેશ આપતા કે;

દાદા સમજાવે દીકરી, દીકરી ડાહ્યા થઈને રહેજ્યો, સાસુ સસરાના ઘડપણને પાળજ્યો, તેની સેવા રે કરજ્યો.

પિયરના સંસ્કારો દીપાવજો, સાસરીયામાં સમાવજ્યો, પતિવ્રતાના ધર્મો પાળજો, પતિને દેવતૂલ્ય માનજો.


આવી રીતે વડીલ દાદા-દાદી કે માતા-પિતા પોતાના સંતાનોને સારા સંસ્કારો આપતા. શ્રીજી મહારાજના વખતથી પણ આજ સુધી સત્સંગમાં પણ રીત



ચાલી આવે છે કે, દીકરીઓ મોટી થાય એટલે સત્સંગના સંસ્કારો લઈ સાસરે જાય ત્યાં જો કોઈને સત્સંગ ન હોય તો સત્સંગ કરાવે અને ઘર વાતારવણને દિવ્ય અને ભક્તિમય રાખે છે. માટે જેવું પરિવારનું વાતાવરણ હશે તેવું બાળકનું માનસ તૈયાર થશે.

(ક્રમશઃ)

# શિક્ષાપત્રી
## A Management Mannual



લેખક : ડો. સુરેશ પટેલ

**‘અહિંસા’ એટલે ‘હિંસાનો અભાવ’ એટલે ‘હિંસક વૃત્તિઓનું નિર્મૂલન’ એટલે ‘પ્રેમસભર વૃત્તિઓનું પ્રગટીકરણ’ એટલે ‘મારા સિવાય આસપાસ જે કંઈ પણ છે તે તમામનો પ્રેમસભર સ્વીકાર’ એટલે ‘એ ધબકારમાં પ્રભુની હાજરીનો અહેસાસ’**

અગાઉના અંકમાં આપણે પ્રથમ આજ્ઞા ‘અહિંસા’ની જોઈ. હવે એ જ આજ્ઞાનું અનુસંધાન શ્લોક-૧૨માં જોઈશું.

સૌ પ્રથમ આજ્ઞા જોઈએ:

देवतापितृ यागार्थ मप्यजादे श्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्त्कोस्ति यन्महान् ॥१२॥



આ શ્લોકમાં ‘અહિંસા’ને દ્રઢ કરવા માટે હિંસાના કારણોના નિવારણની વાત છે અને એવા કારણોની વાત છે, જે આપણા માનસમાં ‘માન્યતા’ના સ્વરૂપમાં દ્રઢ થયેલા છે.

આ બાબત સમજવા માટે આપણે સૌ પ્રથમ આ ‘માન્યતા’ને સમજી લઈએ. અગાઉ આપણે જોઈ ગયા છીએ કે આપણા પ્રત્યેક વર્તનની પાછળ કોઈક વિચાર રહેલો હોય છે. તે જ વાતના સાતત્યમાં એમ કહી શકાય કે પ્રત્યેક વિચાર કોઈક મૂળભૂત માન્યતામાંથી જ જન્મે છે.

ઈશ્વર વિશે આપણે જે માન્યતા ધરાવીએ છીએ. તે જ માન્યતામાંથી આપણી સેવા - પૂજાના ખ્યાલો-વિચારો જન્મ્યા છે. અને તે વિચારોએ જ આખરે વિધિ-વિધાનો અને કર્મકાંડનું સર્જન કર્યું છે. જ્યારે આપણે કોઈને પણ વંદન કરીએ છીએ ત્યારે આપણે એવું માનતાં હોઈએ છીએ કે વંદન કરવા એટલે આદર આપવો. ક્યારેક એવું ય માનતા હોય કે વંદન કરીએ તો આશીર્વાદ મળે. કોઈ તો એવું ય માનતા હોય કે વંદન કરીએ એટલે જેને વંદન કરીએ તે રાજી થાય ! એટલે બાહ્ય રીતે ‘વંદન’ દેખાતી ભૌતિક ક્રિયા, એકંદરે ‘આદર’, ‘આશીર્વાદ’ કે ‘પ્રસન્નતા’ અંગેની માન્યતાઓની અભિવ્યક્તિ જ છે. આ જ પ્રમાણે આપણી વિવિધ ક્રિયાઓ, કાર્યો અને વર્તન એ આપણી દ્રઢ થયેલ માન્યતાઓનું મૂર્ત સ્વરૂપ જ છે. જો બાહ્ય વર્તનમાં ફરક પાડવો હોય, તો આંતરિક માન્યતાઓમાં ફરક પાડવો જ પડે. સદ્‌વર્તન જ

હંમેશાં થાય તેવું ઈચ્છનારાએ પોતાની રચનાત્મક અને સકારાત્મક માન્યતાઓની પુષ્ટિ થયા કરે એવું જીવન ગોઠવવું પડે. 'સત્સંગ'એ આવી પુષ્ટિ માટેનો એક પ્રયાસ છે. જેઓ પોતાના વર્તનને સુધારવા માગતા હોય તેઓએ એ વર્તન પાછળની માન્યતાઓ ઝીણવટથી જોઈ, અયોગ્ય માન્યતાઓ વીણી વીણીને ફેંકી દેવી જોઈએ. એક જ ઉદાહરણ પૂરતું થઈ પડશે.

પ.પૂ. મહાત્મા ગાંધીજી એવું માનતા હતા કે 'સત્યનો જ આખરે વિજય થાય છે' અને 'અહિંસા એ જ સત્ય પ્રાપ્ત કરવાનો માર્ગ છે'. એમની પાસે લોકો, સત્તા કે સંપત્તિ કશું જ ન હતું. પણ આ દૃઢ માન્યતાએ એમને લેખો લખવા પ્રેર્યા, સત્યનો પક્ષ લઈ વકીલાત કરવા પ્રેર્યા, જનરલ સ્મટ જેણે બાપુને જેલમાં પુરેલા તેના માટે ચંપલ બનાવવા પ્રેર્યા. દાંડીકૂચ કરીને મીઠાનો કાયદો તોડવા પ્રેર્યા. ઉપવાસ કરવા પ્રેર્યા અને એવી અસંખ્ય પ્રવૃત્તિઓ કરવા પ્રેર્યા; જેમાં એકાશ વ્રતો, સર્વોદય, ગ્રામોદ્ધાર, સર્વધર્મ સમભાવ જેવી ભાવનાત્મકતા પ્રચુર હતી. આ સમગ્રને પરિણામે સશસ્ત્ર અંગ્રેજોને દેશ છોડીને જતાં રહેવું પડ્યું. 'હંમેશાં બધું જ શક્ય છે' માનવાવાળા કિરણ બેદી તિહાર જેલને આશ્રમ બનાવી શક્યા. ચંડીપ્રસાદ ભટ્ટ 'ચીપકો આંદોલન' દ્વારા ઉત્તર ભારતની વનસંપદા બચાવી શક્યા અને ડૉ. કુરીયન દુનિયાની સૌથી મોટી સહકારી ચળવળ થકી આપણા દેશને દૂધની બાબતમાં માત્ર સ્વાવલંબી નહીં બલ્કે મોટો નિકાસકાર બનાવી શક્યા.

શ્રી સહજાનંદ સ્વામી આથી જ અહિંસાને પુષ્ટ કરવા માટે, હિંસા માટે તે સમયે પ્રવર્તતી (જેમાંથી કેટલીક તો હજી આજેય પ્રવર્તે છે તેવી) માન્યતાઓ દૂર કરવાની સ્પષ્ટ આજ્ઞા કરે છે.

આ માન્યતાઓ નીચે મુજબ છે :

(૧) દેવ-દેવતાઓ અને પિતૃઓ પ્રસન્ન હોય તો આપણને જોઈતું હોય તે મળે.

(૨) દેવતાઓ અને પિતૃઓને પ્રસન્ન કરવા ભોગ આપવો જોઈએ.

(૩) પ્રાણીઓનો ભોગ, દેવો-પિતૃઓને વિશેષ પ્રિય હોય છે.

(૪) આ ભોગ ચડાવવાનો રસ્તો છે. - યજ્ઞ.

આ તમામ માન્યતાઓનો સરવાળો એટલે હિંસક યજ્ઞો.

આવા યજ્ઞોમાં લોકો બકરા જેવા આસાનીથી પ્રાપ્ત પાલતું પ્રાણીઓ, મૃગલા-સસલા જેવા મુશ્કેલીથી પ્રાપ્ત થતાં જંગલી પ્રાણીઓ (આમ બે પ્રકારના ભૂમિગત જીવો) અને વિશેષ પ્રયત્નથી પ્રાપ્ત થતાં સમુદ્રી જીવો જેવાં કે માછલાઓનો ભોગ આપતા હોય છે.



આ તમામ નિર્દોષ જીવોની હિંસા એટલે કે 'વર્તમાનનો કલેશ' વહોરીનો 'ભવિષ્યની પ્રસન્નતા' પ્રાપ્ત કરવા માટેની મુર્ખામી!

આરપાર ઉછળતાં - કૂદતાં - ધબકતાં જીવનમાં જેને પ્રભુની હાજરી ન અનુભવાય તે જ હિંસા આચરી શકે એટલું નહીં, પરંતુ

આ મુર્ખાઈભર્યા પગલાંનો બચાવ પણ કરી શકે કે આ હિંસા તો દેવતાને પ્રસન્ન કરવા કરું છું!

(૧) અહિંસા એ જ મોટો ધર્મ છે અને (૨) આ વાત સર્વ શાસ્ત્રોમાં કહી છે - આ બે બાબતો લોકોની ખોટી માન્યતાઓનો છેદ ઉડાડવા પૂરતી થઈ પડે તેવી છે. અને સ્વયં સ્પષ્ટ છે. જેની રજૂઆત આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહેવા પાછળનો મર્મ હવે સમજીએ.

જો દેવતા-પિતૃને ભોગ કે યજ્ઞથી પ્રસન્ન કરી શકાય. તો પછી કરવુ શું ? તો એનો જવાબ છે - અહિંસા. અને આ વાત એ કોઈ વ્યક્તિગત મંતવ્ય નથી, બલ્કે શાસ્ત્રો દ્વારા પ્રતિપાદિત સત્ય છે. અર્થાત્ હવે એમાં કોઈ વિવાદ કે ગુંચવાડો નથી.



'અહિંસા' એટલે 'હિંસાનો અભાવ' એટલે 'હિંસક વૃત્તિઓનું નિર્મૂલન' એટલે 'પ્રેમસભર વૃત્તિઓનું પ્રગટીકરણ' એટલે 'મારા સિવાય આસપાસ જે કંઈ પણ છે [illegible] તમામ નો પ્રેમસભર સ્વીકાર' એટલે 'એ ધબકારમાં પ્રભુની હાજરીનો અહેસાસ' એટલે 'સતત પ્રભુનું સામીપ્ય અનુભવવાનો જાગૃત પ્રયત્ન' એટલે 'સતત પ્રભુમય જીવન' એટલે 'ધર્મમય જીવન'!


હિંસા કરનાર એમ માને છે કે 'કોઈક બીજા'ની હત્યા કરીને એ 'કોઈક ત્રીજા'ને ખુશ કરી શકશે જેથી એને 'કશુંક' પ્રાપ્ત થશે. જ્યારે અહિંસા એ જ પરમ ધર્મ આચરનાર વ્યક્તિ 'સર્વમાં પ્રભુનો વાસ' જુએ છે એટલે જેના માટે 'કોઈક બીજા'નું અસ્તિત્વ જ નથી. સર્વ જગત જ પ્રભુમય છે એટલે એની પ્રત્યેક ક્રિયાઓ આપોઆપ પ્રભુને સેવા બની જાય છે ! આ જ તો ધર્મ છે.

તમામ ધર્મ સંપ્રદાયો વ્યક્તિને પ્રભુ સાથે જોડાવાનું કામ કરે છે અને એ જોડાણ સરળ બને તે માટે વિવિધ ઉપાસના- પદ્ધતિઓનો આશરો લે છે, પરંતુ જો મૂળમાં અહિંસાનું મૂલ્ય ન હોય તો એ બાહ્ય ઉપાસના પદ્ધતિઓ માત્ર મનોરંજનનું સાધન બની જાય છે. એનાથી આત્મકલ્યાણ થતું નથી.

ચાલો, થોડા પ્રશ્નો આપણે આપણી જાતને જ પૂછીએ. શું પૂજા-પાઠ પૂર્ણ થયા બાદ આપણી અંદરથી દ્વેષની માત્રા ઘટી છે ખરી? મંદિરે દર્શન કર્યા બાદ ઈર્ષ્યા ઓછી થઈ છે ખરી ? સંતોને વંદન કર્યા પછી શું આપણો અહમ્ ઓછો થયો છે ખરો ? શું માળા ફેરવ્યા બાદ ક્રોધ શમી ગયો છે ખરો ? શું ઉપવાસ કર્યા બાદ આપણે અન્યને માફ કરીએ છીએ ખરા ? શું સમૈયામાં ભાગ લીધા પછી આપણો લોભ ઓછો થયો છે ખરો ? જો આનો જવાબ 'હા'માં હોય તો આપણે સાચા માર્ગે છીએ. પણ જો 'ના'માં હોય તો હજીયે આપણે હિંસક જ છીએ. કેમકે ઈર્ષ્યા-દ્વેષ-ક્રોધ-લોભ વગેરે સૌ હિંસાની જ વિવિધ અભિવ્યક્તિઓ છે. ચાલો આપણે શ્રીજી મહારાજને પ્રાર્થના કરીએ કે એમણે ચીંધેલા અહિંસાના માર્ગે આપણે ચાલીએ તેનું બળ એમણે આપણને આપ્યું છે, તે બળનો ઉપયોગ આપણે કરીએ તેવી વૃત્તિ પ્રબળ બનાવે!

-જય સ્વામિનારાયણ.

# The Hi-jack of unaware soul




**- Rushi bhagat**
Guru- H.H. Shastriji Shree Ghanshyamprakasdasji Swami
(Chairman Vadtal)



The fall of WTC sent shivers to the heart of millions all over the world. The clear cause was the achievement of terrorists in stealing the planes which brought a great calamity. It may surprise us for the well art and talent of those Hi-jackers who did it. They emerged successful, did not even cared of themselves. Finally the result was the loss of the lives of good men, good wealth and chaos in the world.

Now, it is also an astonishing fact that our spirit of God consciousness has been robbed by materialistic men and objects. The chaos is there in the form of bad nature like greed, lust, anger, avarice, jealousy, etc. Our soul consciousness which should be



soaked in the thoughts of God's service has been faded under the fog of illusion. However, the service of God is our true blissful

home, but our conscious has been dragged by a great terrorist, sensual pleasure or materialistic pleasure. To get back to our true conscious we need change….

The change the change us..

One spark turned into a global fire, still unextinguished. Big towns and cities engulfed creating big piles of ashes. From the same ash emerged a new beautiful world. It was a change.

The change, that everyone loves and everyone hates. It's a most important and most necessary circulation that keeps everything fresh and



new . Just as a blossoming flower, standing with a pleasant smile on its root. It spread sweet and fascinating fragrance. The fact is that the time will come that flower will no longer be soft and fascinating.

It is an old saying, "Old order changeth yielding place to new." Spring is followed by winter and vice versa. Happiness shakes hands with sadness and accepts it. Very soon sadness abdicates the throne in the favour of happiness. It goes on. Nothing can hold an eternal sway.

Nevertheless, the God is the root of everything, the freedom is our choice. Freedom differentiate every individuals. The simple conclusion can be given that by changing the stuff of mind we can change ourselves either on a right or wrong path.

In the world the most important factor to be changed is the company that we keep. One is sure to be black who goes to the mine of coal no matter how one may try not to be. Therefore, the great people always emphasize to keep a good company, a good association which makes us follow true values of life like non-violence, celibacy, truthfulness, humbleness, etc.

આધ્યાત્મ મંથન... (પાન ૫ નું ચાલુ)

હજુ થોડા વધારે પ્રસંગો ટૂંકમાં સાંભળો.

**"રામાનંદ સ્વામીનું અનુકરણ"**

દરેક ધાર્મિક શાસ્ત્રોમાં એવું લખેલ જ છે કે, મોટા પુરૂષો કરે તેમ નહિ કરવાનું પરંતુ તેઓ કહે તેમ કરવાનું, છતાં પણ ઘણા દોઢ ડાહ્યા સમજ્યા વિનાના મોટાઓની ક્રિયા જોઈને અનુકરણ કરતાં હોય છે તે માટે સરધારના બોદા કમાનગરનો પ્રસંગ નમૂના રૂપ છે.

સ્વામિનારાયણ ભગવાને ગુરુરૂપે જે મહાપુરૂષની પસંદગી કરી હતી એવા ઉદ્ધવજીના અવતાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ઉદ્ધવ સંપ્રદાયના (સ્વામિનારાયણ સંપ્રદાયના) સંસ્થાપક હતા. તેઓનો જન્મ સંવત ૧૭૯૫ જન્માષ્ટમીના પવિત્ર દિવસે અયોધ્યામાં થયો હતો. તેઓનું વ્યક્તિત્વ ખૂબ પ્રભાવશાળી હતું. રક્ષાબંધનને દિવસે પોતાના ગૃહસ્થ શિષ્ય મયારામ ભટ્ટને વરદાન આપ્યું હતું કે, "આજ પછી કોઈ પણ દિવસ તમોને ત્રણેય અવસ્થામાં સ્ત્રી-ભોગનો સંકલ્પ નહિ થાય." અને મયારામ ભટ્ટમાં જીવન પર્યંત રહ્યું હતું. આવી તો બીજાઓને નિષ્કામી બનાવવાની પોતાની વાણીમાં તાકાત હતી. આવા તો અનેક પ્રસંગો તેઓના જીવનમાં જાણવા મળે છે.

એકવાર રામાનંદ સ્વામી રાજકોટની બાજુમાં આવેલ સરધાર ગામમાં પધાર્યા હતા. ત્યાં એક ભક્તને લોહીખંડ પેટ બેસણું થઈ ગયેલ તેથી અખંડ સંડાસ જવું પડતું હતું. મળ સાથે લોહીની પણ ધાર થતી હતી, તેના કારણે તે બેભાન જેવા બની ગયા હતા. ભક્તોએ આવી રામાનંદ સ્વામીને વાત કરી કે, પેલા ભક્ત ખૂબ પીડાય છે, માટે દયા કરો. 'સંતહૃદય નવનીત સમાના' આ તુલસીદાસની ચોપાઈ મુજબ સ્વામીનું હૃદય પીગળી ગયું અને બોલ્યા : 'તે બીમારને ખોબો ભરીને મીઠું પાણીમાં ઓગાળી પાઈ દ્યો, સારું થઈ જશે !' ઝાડા થતા હોય તેને મીઠું પાવામાં આવે તો શું દશા થાય એ આપણે જાણીએ જ છીએ; પરંતુ આ તો મહાપુરૂષનાં વાક્યો હતાં તેથી શ્રદ્ધાવાળા ભક્તોએ દર્દીને મીઠું પાઈ દીધું. અને ચમત્કાર એ સર્જાયો કે તુરંત પેલાને સારું થઈ ગયું !

આ બધો પ્રસંગ સરધાર ગામનો બોદો કમાનગર જોતો હતો. એ રામાનંદ સ્વામીનો શિષ્ય હતો. તેણે મનમાં નક્કી કરી વાળ્યું કે, 'ઝાડા થઈ જાય અને મીઠું પાઈએ તુરંત સારું થઈ જાય.' ત્યારબાદ રામાનંદ સ્વામી સરધારથી લોજપુર પધાર્યા પછી થોડા સમયે સરધારમાં એક વૃદ્ધ માજીને ઝાડામાં લોહી પડવાનું ચાલુ થયું તેથી ડોશી બીમાર પડી ગયાં.

આ વાતની બોદા કમાનગરને ખબર પડી તુરંત ત્યાં આવ્યો અને પાણીમાં ખોબો ભરીને મીઠું નાંખી ડોશીમાને પરાણે પાઈ દીધું. તેના કારણે અતિ ઝાડા થઈ ગયા અને તે માજીનું મૃત્યું થયું. ગામ લોકોએ બોદાને હત્યારા કહી ખૂબ અપમાન કર્યું, તેને કારણે તે મુર્ખ, રામાનંદ સ્વામીનો અવગુણ લેવા લાગ્યો, પણ એવું ન સમજ્યો કે, ઝાડા બંધ કરવાની શક્તિ મીઠામાં ન હતી, એ તો રામાનંદ સ્વામીમાં હતી. સમજ્યા વિનાનું અનુકરણ કર્યું તો ગામમાં આબરું ગઈ અને એક વૃદ્ધાના મોતનું કારણ બનવું પડ્યું.



(ક્રમશઃ)

શ્રી દેવશી ભગત… (પાન ૧૧ નું ચાલુ)

એટલું કરે ને બાકીનો સમય ભજન ભક્તિમાં વ્યતીત કરે. ભગત ભક્તિની ખેતી કરતા, રાજીપાનો મબલખ પાક પકવતા, પણ સંસાર સોનાનો હોય તો પણ સંસાર જ છે. મજૂરો કરીને ખેતી કરતા કાબાભાઈ થોડા બીમાર પડેલા. તેની તબિયત સારી ન હોવાથી વાડીએ ભગતને જવું પડ્યું. ભગત દાડિયા-મજૂરો સાથે કામ કરતા કરતા ઊભા થયા ને બોલ્યા, કેમ મહારાજ ! આપની ઈચ્છા પ્રમાણે કામ પૂરું કરીને આવ્યા કે ? આ સાંભળીને સાથે કામ કરતા સૌ મજૂરો વિચારમાં પડી ગયા કે આ ભગત, કોની સાથે વાતો કરે છે ?

એક વકીલ હશે તેણે પૂછી પણ લીધું: ભગત ! હવામાં ગોળા છોડો છો કે ?… ભગતે કહ્યું : ના ભાઈ ના.. આ તો મારો મહારાજ મારા પુત્ર કબાને દેહ છોડાવીને અક્ષરધામમાં લઈ જતા હતા તેની સાથે થોડી વાત કરી. હવે આ વાત તે મજૂરોને ક્યાંથી મનાય ? તેણે મનમાં વિચાર્યું: ભગતેય મોટા ને તેની વાતોય મોટી. સૌ સૌની રીતે કામ કરવા લાગ્યા, ત્યાં દોડતો દોડતો કબાનો દીકરો આવ્યો. અને હાંફતો હાંફતો બોલ્યો : "ઘેર હાલો, મારો બાપો દેહ મેલી ગયા છે." ભગતે કહ્યું : હા, હમણાં જ મહારાજ અહીંથી તારા બાપાને લઈને ધામમાં ગયા. મને તે દર્શન થયા છે. ચાલો, આજે હવે કામ બંધ કરો, કહીને સૌ ઉતાવળે પગે ઘેર આવ્યા અને કબાની અંતિમવિધિ કરી. આવી ઉચ્ચસ્થિતિ દેવશી ભગતની થયેલી. તેમની નિષ્ઠાનો રણટંકાર આજે પણ સંભળાય છે.

---

આપણો આનંદ … (પાન ૯ નું ચાલુ)

### ૧૭) સભાસંચાલક ન હોય તો શું મુશ્કેલી થાય ?

-આયોજન વ્યવસ્થિત ચાલે નહિ.

- અણવર વગરનો વર, પીછા વગરનો મોર, ડ્રાઈવર વગરની ગાડી, એમ સંચાલક વિનાનું આયોજન એવું ગણાય.

### ૧૮) સભાસંચાલકે શું શું સાવધાની રાખવી ?

- શારીરિક સ્વાસ્થ્ય જાળવવું. ખાસ ગળાની કાળજી રાખવી. સ્વાસ્થ્ય એવં દૈહિક હાજત કાર્યવિક્ષેપ ન કરે તેવા ખાદ્ય, પેય, વાતાવરણ અને આરામનું ખાસ ધ્યાન રાખવું.

### ૧૯) સંચાલક જો ધ્યાન ન રાખે તો કેવા કેવા પ્રોબ્લેમ આવે ?

-ડૉકટર ધ્યાન ન રાખે ને જેવા દર્દીને

-સુયાણી ધ્યાન ન રાખે ને જેવા જનનીને

- ડ્રાઈવર ધ્યાન ન રાખે ને જેવા ગાડી અને ગાડીવાળાને અને અણવર ધ્યાન ન રાખે ને જેવા વરને પ્રોબ્લેમ આવે તેવા પ્રોબ્લેમ આવી શકે છે.

### ૨૦) કેવા સંચાલકનું ઓડિયન્સ નથી સાંભળતું ?

લાંબુ કરે, લપ કરે, ખોટી ખુશામત કરે, ઔપચારિકતા કરે, વિશ્વાસઘાત કરે, પાંચ જ મીનીટમાં પુરુ કરું છું કહીને પોણા કલાકે પુરુ કરે નહીં એ આદી.

-વાણી, વર્તનમાં જુદાઈ, ખોટું બોલ્યા કરે, 'કેલાલ આવે જ છે, બપોર પછી આવશે,' એમ કહીને ઓડિયન્સને છેતરનાર.

- પક્ષાપક્ષીવાળો, કલંકિત - આબરુ, ભાર વગરનો.

# માસિક ભેટ નામાવલી



## (જાન્યુઆરી - ૨૦૧૩)

૧૧૧ શ્રી રમેશભાઈ ઉદેશીંગભાઈ પરમાર - ડે. સરપંચ વડતાલ
૧૦૦ શ્રી સુશીલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) જીટોડીયા
૧૦૧ શ્રી ડૉ. ચતુરભાઈ બી. પટેલ સાવલી
૫૦૧ શ્રી શ્રી અલ્પેશકુમાર રજનીકાંત પટેલ (પીજવાળા) યુ.એસ.એ.
૧૦૧ શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ.પ્રફુલભાઈ પટેલ વડતાલ
૧૦૧ શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. ઘનશ્યામભાઈ વડતાલ
૧૦૧ શ્રી પા.દિનુભગત એ.સડથલવાળા હ. રમેશભાઈ વડતાલ
૧૫૧ શ્રી જીતેન્દ્રકુમાર ભગવાનદાસ પટેલ હ. પા.દિનુભગત વાગરા
૧૦૦ શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર મહુડિયાપુરા
૧૦૦ શ્રી શંકરભાઈ જીવણભાઈ પટેલ નેત્રંગ
૧૦૧ શ્રી વિનીતકુમાર અનિલકુમાર મોદીછ - પલાસણાવાળા સુરત
૧૦૦૦શ્રી ગં.સ્વ. કમળાબેન હીરાલાલ શેલત આણંદ
૧૦૦ શ્રી રાજેશભાઈ ઉપેન્દ્રભાઈ ભટ્ટ વડોદરા
૧૧૧ શ્રી જગદીશભાઈ મોતીભાઈ પટેલ હ.પા.દિનુભગત વાગરા
૧૧૧ શ્રી જયદિપસિંહ ઠાકોરસિહં ગોહિલ હ.પા.દિનુભગત વાગરા
૧૦૧ શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ.ભગવાનસિંહ વડતાલ
૧૦૧ શ્રી દર્શન મફતભાઈ ગોહેલ ડાકોર
૨૦૧ શ્રી વિઠ્ઠલભાઈ આર. વણકર મકરપુરા
૧૫૧ શ્રી મેહુલકુમાર દિનેશભાઈ દિપાલી ટ્રેડર્સવાળા વડતાલ
૧૫૧ શ્રી ન્યાલકરણ સોમીલ - જયેશભાઈ પટેલ હ.દિનુભગત વાગરા
૧૦૦ શ્રી મહેશભાઈ ભાનુભાઈ પટેલ પિપળાવ
૨૫૧ શ્રી જશોદાબેન ધીરજલાલ ગોહિલ વડતાલ
૧૦૧ શ્રી જશોદબેન ધીરજલાલ ગોહિલ વડતાલ
૫૦૧ શ્રી ધીરેન શાહ તથા રિંકલ શાહ (યુ.એસ.એ.વાળા) દાહોદ
૨૦૦ શ્રી કપિલાબેન ભાઈલાલભાઈ પટેલ સેંધવા
૧૦૧ શ્રી અંબિકાબેન ધીરજલાલ ચંદુલાલ પંડ્યા દંતાલી
૧૦૦ શ્રી શિવમભાઈ ભરતભાઈ પટેલ હાડેવા
૧૦૧ શ્રી વાસુદેવભાઈ રમણભાઈ પટેલ સંજાયા
૧૦૧ શ્રી ઘનશ્યામભાઈ પેઈન્ટર વડતાલ
૧૦૧ શ્રી રમેશભાઈ રાવજીભાઈ પરમાર વડતાલ
૧૦૧ શ્રી સ્વામિનારાયણ મંદિર વિરપુર
૧૦૦ શ્રી સોનલબેન કમલેશભાઈ બ્રહ્મભટ્ટ (યુ.એસ.એ.) નડિયાદ
૧૦૧ શ્રી રમેશભાઈ વડેરા ગોધરા
૧૦૧ શ્રી રવાણી પરિવાર ન્યુયોર્ક
૧૦૧ શ્રી જીતેન્દ્રભાઈ તથા હર્ષાબેન નાવલી
૧૦૧ શ્રી શંભુભાઈ તથા ભાવિકાબેન મેઘવા
૧૦૧ શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર મહુડિયાપુરા
૧૦૧ શ્રી દેવશ્રીબેન વિપુલકુમાર પટેલ (ખાતરવાળા) ગોધરા
૧૦૧ શ્રી અમિતકુમાર પ્રવિણચંદ્ર દલાલ સુરત
૧૦૧ શ્રી મધુબેન શિરીષભાઈ પટેલ નરસંડા
૧૧૧ શ્રી શાંતિલાલ નાનાલાલ પટેલ ગોધરા
૧૧૧ શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર બામરોલી
૧૦૧ શ્રી હેમેન્દ્રકુમાર અંબાલાલ ગજ્જર શક્કરપુર (ખંભાત)
૧૦૧ શ્રી સુનિલ નવલકુમાર મોદી સુરત
૧૦૧ શ્રી ધવલ ભરતકુમાર મહેતા સુરત
૧૦૧ શ્રી ચંદુભાઈ એસ. પટેલ (ભગત) છબનપુર
૧૦૦ શ્રી ભૂપેન્દ્રકુમાર ચિમનભાઈ પટેલ ઝાડેશ્વર
૧૫૧ શ્રી પા. દિનુભગત એ. સડથલાવાળા વડતાલ
૧૦૦ શ્રી યોગેશભાઈ મોતીભાઈ પટેલ કેસરગામ
૧૦૧ શ્રી પાર્થ વિજયકુમાર પટેલ ગોધરા
૧૦૧ શ્રી પરિક્ષીત વિજયકુમાર પટેલ ગોધરા
૧૦૧ શ્રી વસંતકુમાર નરોત્તમદાસ ઝઘડા મુંબઈ
૧૦૦ શ્રી સુરેશભાઈ છોટાભાઈ પટેલ ચકલાદ
૧૦૦ શ્રી દુષ્યંતકુમાર રમેશભાઈ પટેલ શિવપુરી
૧૦૦ શ્રી ભૂમિકા પ્રકાશચંદ્ર પટેલ ભરૂચ
૧૦૦ શ્રી નિરવકુમાર સુભાષભાઈ પટેલ કરમાલ
૧૦૧ શ્રી નિર્મલકુમાર જયહરિભાઈ કાછીયા બાલાશિનોર
૧૦૧ શ્રી શ્રીજી કિરાણા સ્ટોર્સ ધૈર્યપુરા
૧૦૦ શ્રી ભાનુબેન ધનજીભાઈ ગજ્જર બાવળા
૧૦૧ શ્રી કમળાબેન કાન્તિલાલ પટેલ નડિયાદ
૨૫૦ શ્રી અંબાલાલ શનાભાઈ પટેલ સોજીત્રા
૧૦૦ શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ વીણા
૫૦૦ શ્રી પ્રતાપસિંહ બાવજીભાઈ પરમાર હરિનગર (વડોદરા)
૧૦૧ શ્રી જલ્પાબેન અરવિંદભાઈ પટેલ આમોદ
૧૦૧ શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કંું. હ. સુરેશભાઈ કે. પટેલ વલેટવા
૧૦૦ શ્રી જલદિપભાઈ પરભુભાઈ પટેલ અંકલેશ્વર

૧૦૧ શ્રી રાવજીભાઈ ડાહ્યાભાઈ પરમાર માંઘરોલી
૧૦૦ શ્રી હંસાબેન હસમુખભાઈ પટેલ ભરૂચ
૧૦૧ શ્રી બહાદુરસિંહ સરદારસિંહ જાડેજા દ્વારકા
૧૦૧ શ્રી ગાંડાભાઈ ગોબરભાઈ સોલંકી ડેમાઈ
૧૦૧ શ્રી ધ્વનિલ રાજેશકુમાર સોલંકી ડેમાઈ
૧૦૦ શ્રી ધનલક્ષ્મીબેન દક્ષિણી રાજકોટ
૫૦૦ શ્રી રાકેશભાઈ ત્રિકમભાઈ પટેલ હેરંજ
૧૦૧ શ્રી પ્રફુલાબેન રમણભાઈ પટેલ આણંદ
૧૦૧ શ્રી જ્વલિત ઠાકર કેનેડા
૧૦૧ શ્રી મહેશભાઈ ભાનુભાઈ પટેલ પિપળાવ
૧૦૧ શ્રી નિસર્ગ વસંતકુમાર સોની હ. ચંપકભાઈ સોની કાલોલ
૧૦૧ શ્રી મુકેશભાઈ વડગામા વડોદરા
૧૦૧ શ્રી હેમંતકુમાર કનુભાઈ ચૌહાણ પિપળાવ
૧૦૦ શ્રી પ્રવિણાબેન પાઠક વડોદરા
૧૦૦ શ્રી મિલનભાઈ કિરણભાઈ બ્રહ્મભટ્ટ (નડિયાદવાળા) મુંબઈ
૧૧૧ શ્રી મીઠાલાલ કાંતિલાલ કાબરાવાળા દાહોદ
૨૦૦ શ્રી જ્યોત્સનાબેન મુકેશભાઈ પટેલ વડોદરા
૧૦૧ શ્રી વેદાંત યોગેશભાઈ રામાણી મુંબઈ
૫૦૦ શ્રી પ્રવિણાબેન સૂર્યકાંતભાઈ પટેલ પંડોળી
૧૦૦ શ્રી શારદાબેન પુરૂષોત્તમભાઈ પટેલ ખાંધલી
૧૦૧ શ્રી સરોજબેન કિરીટભાઈ રાય નડિયાદ
૧૦૧ શ્રી કિરીટભાઈ આર. રાય નડિયાદ
૧૦૧ શ્રી દિક્ષિતભાઈ એચ. રાય નડિયાદ
૧૦૧ શ્રી શ્રેય ડી. રાય નડિયાદ
૧૦૧ શ્રી અનસુયાબેન એચ. રાય નડિયાદ
૧૫૧ શ્રી ડિમ્પુબેન એમ. પટેલ કરમસદ
૧૦૧ શ્રી સીતારામભાઈ મણીભાઈ મોટાકરાળા
૧૦૦ શ્રી સુશિલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) જિટોડિયા
૨૫૧ શ્રી ઘનશ્યામ ટ્રેડર્સ - હ.ચંદુલાલ દાહોદ
૧૦૧ શ્રી જયંતીલાલ નારણદાસ કાબરાવાળા દાહોદ

## (ફેબ્રુઆરી - ૨૦૧૩)

૧૧૧ શ્રી પા.દિનુભગત ગુરુ આશાભગત સડથલાવાળા વડતાલ
૧૦૧ શ્રી રમેશભાઈ -ચંદન નોવેલ્ટીવાળા ગોધરા
૧૧૧ શ્રી પા.દિનુભગત હ.મનુભાઈ ગોતાભાઈ -વલેટવા વડતાલ
૧૫૧ શ્રી માહિ સૌમીલ પટેલ હ.પા.દિનુભગત સડથલાવાળાઅમદાવાદ
૧૦૦ શ્રી કૈલાશબેન ધનસુખલાલ સુરત
૧૫૧ શ્રી હિતાર્થ આર. પટેલ હ.પા.દિનુભગત સડથલાવાળા તેગવા
૧૦૧ શ્રી બચુભાઈ મનુભાઈ રાવલ વડતાલ
૧૦૧ શ્રી વૈભવકુમાર મહેશભાઈ રાવળ હ.પા.દિનુભગત ખેડા
૧૦૧ શ્રી સંજયકુમાર જશભાઈ રાવળ હ.પા. દિનુભગત વડતાલ
૨૦૦ શ્રી સંજય પટેલ તથા વિજય પટેલ (કેરીયાવીવાળા) લંડન
૧૧૧ શ્રી રમેશભાઈ ઉદેશીંગભાઈ પરમાર (ડે.સરપંચ) વડતાલ

૧૫૧ શ્રી કિંજલ અંબાલાલ ચાવડા હ.પા. દિનુભગત આણંદ
૧૦૧ શ્રી કેશવ રિંકલ પટેલ હ.પા. દિનુભગત ખાંધલી
૧૦૦ શ્રી મનિષકુમાર રમણભાઈ પટેલ પીપળાવ
૧૦૧ શ્રી હરિ સાઈ સ્પન પાઈપ ફેક્ટરી સુરત
૧૫૧ શ્રી રાજેશભાઈ હરિભાઈ શીંગાળા સુરત
૨૦૧ શ્રી પાયલ અનિકેત પટેલ નરસંડા
૧૦૦ શ્રી હિતેશકુમાર દિનેશભાઈ રામભાઈ પટેલ રઢુ
૧૦૦ શ્રી હિતેશકુમાર દિનેશભાઈ પટેલ રઢુ
૫૦૦ શ્રી કાંતિભાઈ ઈચ્છાભાઈ પટેલ ભીમકૂઈ
૧૦૧ શ્રી પારૂલબેન નિલેશકુમાર ભાલજા મહેસાણા
૧૦૧ શ્રી ઈશ્વરભાઈ બાબરભાઈ વડતાલ
૧૦૧ શ્રી જય વિજયકુમાર પટેલ ગોધરા
૧૧૨ શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ.વસંતભાઈ પટેલ વડતાલ
૧૦૦ શ્રી પ્રેક્ષા ભરતભાઈ પંચાલ જંબુસર
૧૦૧ શ્રી હિમાંશુભાઈ મહેશભાઈ પટેલ - બામણગામવાળા વડોદરા
૧૧૧ શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા-ચશમાવાળા નવસારી
૧૬૧ શ્રી દિપેશકુમાર જે. પટેલ (ન્યાલકરણ સોમીલવાળા) વાગરા
૧૬૧ શ્રી તેજલબેન જી. પટેલ (શ્રીજી સોમીલવાળા) નડિયાદ
૧૦૦ શ્રી હરિરથ ટ્રાવેલ્સ વડોદરા
૧૦૧ શ્રી વસંત પ્રભાશંકર ભટ્ટ કોલ્હાપુર
૧૦૧ શ્રી જીનલબેન વિનોદભાઈ પટેલ આણંદ
૧૦૧ શ્રી હર્ષ નિલેશભાઈ પટેલ હ. લીલાબેન દૂધવાડા
૧૦૧ શ્રી મહેશકુમાર ભાનુભાઈ પટેલ પિપળાવ
૧૨૫ શ્રી લાલજીભાઈ મફતભાઈ વાઘેલા વલેટવા
૧૦૦ શ્રી સંદિપકુમાર રાજેન્દ્રભાઈ કરજણ
૧૦૦ શ્રી રેખાબેન અશોકભાઈ પટેલ નિમેટા
૧૦૦ શ્રી રેખાબેન અશોકભાઈ પટેલ નિમેટા
૧૧૧ શ્રી પા.દિનુભગત એ.સડથલાવાળા હ. રમેશભાઈ વડતાલ
૧૦૦ શ્રી ભાસ્કરભાઈ નટવરલાલ પટેલ સેવાલીયા
૧૦૧ શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કંું. હ. સુરેશભાઈ પટેલ વલેટવા
૨૦૧ શ્રી નિવાન હિતેશભાઈ પટેલ સિમરડા
૨૦૧ શ્રી રાજેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ રાજપીપલા
૧૫૦ શ્રી ડૉ. ઉમંગ જે. માસોલીયા (ભાવનગરવાળા) સુરત
૧૦૧ શ્રી રાજેન્દ્ર નટવરલાલ પરમાર શાન્તાફ્રૂઝ
૧૫૧ શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર બામરોલી
૧૦૦ શ્રી સુનિલ નવલકુમાર મોદી સુરત
૧૦૧ શ્રી પુષ્પાબેન હસમુખલાલ પટેલ સુરત
૧૦૧ શ્રી પુષ્પાબેન હસમુખલાલ પટેલ સુરત
૧૦૧ શ્રી રસિકભાઈ સી. પંચાલ વણાકબોરી
૧૦૧ શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા મુંબઈ
૧૫૧ શ્રી રમણભાઈ નરશીભાઈ પટેલ જીણજ
૧૦૦ શ્રી મહીજીભાઈ ગોકળભાઈ પરમાર નરસંડા
૧૦૧ શ્રી વિનુભાઈ ભીખાભાઈ ભોઈ દાગજીપુરા

| | | |
|---|---|---|
| ૧૦૧ | શ્રી ગોકળભાઈ અર્જુનભાઈ ભોઈ | દાગજીપુરા |
| ૧૦૦ | શ્રી ભૂમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૦૧ | શ્રી ચંદુભાઈ એલ. પટેલ (વાયરમેન) | છબનપુર |
| ૧૦૦ | શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ | વીણા |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાંતિલાલ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૦ | શ્રી હિતેશભાઈ સુરેશભાઈ પટેલ | ચકલાદ |
| ૧૦૦ | શ્રી સંજયભાઈ ભોગીભાઈ પટેલ | અવિધા |
| ૧૦૦ | શ્રી સીતારામભાઈ મણીભાઈ રાય | મોટાકરાળા |
| ૧૦૦ | શ્રી ઘનશ્યામભાઈ હસમુખભાઈ પંચાલ | લાછરસ |
| ૨૫૦ | શ્રી અરૂણકુમાર પટેલ | બ્યાવર (રાજસ્થાન) |
| ૧૦૦ | શ્રી દક્ષેશકુમાર ચંપકલાલ સોની | સેવાલીયા |
| ૧૦૧ | શ્રી પ્રહલાદસિંહ રણજીતસિંહ સોલંકી | દેદરડા |
| ૨૦૧ | શ્રી કરૂણાબેન (ગીતાબેન) જીતુભાઈ પટેલ | પીજ |
| ૧૦૧ | શ્રી દુષ્યંતકુમાર રમેશભાઈ પટેલ | શિવપુરી |
| ૧૦૦ | શ્રી હંસાબેન હસમુખભાઈ પટેલ | ભરૂચ |
| ૧૦૧ | શ્રી હેમંતકુમાર કનુભાઈ | પીપળાવ |
| ૧૦૧ | શ્રી જયલિત ઠાકર (વિદ્યાનગરવાળા) | કેનેડા |
| ૧૦૦ | શ્રી નરેન્દ્રભાઈ એ. પટેલ | નડિયાદ |
| ૧૦૦ | શ્રી સુશીલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) | જીટોડીયા |
| ૧૦૦ | શ્રી ભાવિનકુમાર રમેશભાઈ પટેલ | ફુલછત્રપુરા |
| ૧૦૧ | શ્રી સ્વ. રતીલાલ ડાહ્યાભાઈ ઠાકોર હ. સંજયભાઈ | વિદ્યાનગર |
| ૧૧૧ | શ્રી નીતિનભાઈ આર. પટેલ હ. પા.દિનુભગત | વાગરા |
| ૧૦૧ | શ્રી નિરવકુમાર રમેશભાઈ પટેલ | માંજલપુર |
| ૧૦૧ | શ્રી રમેશભાઈ મહીજીભાઈ પટેલ હ.પા.દિનુભગત | માંજલપુર |
| ૧૦૦ | શ્રી રાહુલ જુગેશભાઈ મારૂ | રાજકોટ |
| ૧૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ શંભુભાઈ પટેલ | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય | નડિયાદ |
| ૨૦૧ | શ્રી સરોજબેન કિરીટભાઈ રાય | નડિયાદ |
| ૧૦૦ | શ્રી દિક્ષિતભાઈ એચ. રાય | નડિયાદ |
| ૧૦૦ | અનસુયાબેન એચ. રાય | નડિયાદ |
| ૧૦૦ | શ્રી ડિમ્પુબેન એમ. પટેલ | કરમસદ |


## શ્રી વડતાલધામ સત્સંગ

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) નિયમ ૧૯૫૬ ''શ્રી વડતાલધામ સત્સંગ''
અંગેની માહિતી (ફોર્મ-૪ રૂલ નં.૮ જૂઓ)

(૧) પ્રકાશન સ્થળ : શ્રી વડતાલધામ સત્સંગ કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા.

(૨) પ્રસિદ્ધિનો ગાળો : માસિક

(૩) મુદ્રક તથા પ્રકાશકનું નામ : ચીફ એક્ઝીક્યુટીવ કોઠારી શ્રી નીલકંઠચરણદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી

(૪) રાષ્ટ્રીયતા : ભારતીય

(૫) સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા.

(૬) તંત્રી : : ચીફ એક્ઝીક્યુટીવ કોઠારી શ્રી નીલકંઠચરણદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી

(૭) રાષ્ટ્રીયતા : ભારતીય

(૮) સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા.

(૯) માલીકી : શ્રી વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ, શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ.

હું શ્રી નીલકંઠચરણદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી - ચીફ એક્ઝીક્યુટીવ કોઠારીશ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ આથી જાહેર કરું છું કે ઉપર જણાવવામાં આવેલ હકીકતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

**લી. શ્રી નીલકંઠચરણદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી ચીફ એક્ઝીક્યુટીવ કોઠારી - વડતાલ**

# ફરતુ દવાખાનું



**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા મોબાઈલવાન દ્વારા ફરતા દવાખાના માધ્યમે અંતરીયાળ ગામડાઓમાં જે સેવા કાર્ય થાય છે તેની એક ઝલક**



| તારીખ | ગામ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૩૧-૧૨-૧૨ | મંદિર (કાસોર) નવાપુરા કે. મણીભાઈની ખરી | ૪૭ |
| ૦૧-૦૧-૧૩ | મંદિર (કાસોર) લાડકુઈ-પાંચલીપુરા-સૈજપુરા-ધોરીકુવા | ૬૨ |
| ૦૨-૦૧-૧૩ | મંદિર વડતાલ - શ્રીજીપુરા - શંકરપુરા - કૃષ્ણનગર | ૩૨ |
| ૦૩-૦૧-૧૩ | મંદિર (ચકલાસી) વિજયનગર - ભગવાનપુરા | ૩૫ |
| ૦૪-૦૧-૧૩ | મંદિર - બામરોલી સીમ - પ્રકાશનગર - આનંદપુરા | ૩૭ |
| ૦૫-૦૧-૧૩ | મંદિર (ચકલાસી) જાદવપુરા - ભગવાનપુરા | ૪૦ |
| ૦૭-૦૧-૧૩ | મંદિર (કાસોર)નવાપુરા-કે.મણીભાઈની ખરી-ધોરીકુઈ | ૬૦ |
| ૦૮-૦૧-૧૩ | લાડકુઈ - પાંચલીપુરા - સૈજપુરા - ધોરીકૂઈ | ૪૭ |
| ૧૦-૦૧-૧૩ | મંદિર (ચકલાસી) વિજયનગર - ભગવાનપુરા | ૬૪ |
| ૧૧-૦૧-૧૩ | બામરોલી સીમ - આનંદપુરા | ૩૨ |
| ૧૨-૦૧-૧૩ | મંદિર (ચકલાસી) જાદવપુરા - ભગવાનપુરા | ૫૩ |
| ૧૫-૦૧-૧૩ | મંદિર - લાડકુઈ - પાંચલીપુરા - સૈજપુરા - ધોરીકુઈ | ૫૯ |
| ૧૬-૦૧-૧૩ | મંદિર - વડતાલ - શ્રીજીપુરા - શંકરપુરા - કૃષ્ણનગર | ૨૯ |
| ૧૭-૦૧-૧૩ | મંદિર (ચકલાસી) વિજયનગર - ભગવાનપુરા | ૬૦ |
| ૧૮-૦૧-૧૩ | બામરોલી સીમ - પ્રકાશનગર - આનંદનગર - મંદિર | ૩૫ |
| ૧૯-૦૧-૧૩ | મંદિર - જાદવપુરા - ભગવાનપુરા | ૪૫ |
| ૨૧-૦૧-૧૩ | મંદિર (કાસોર) નવાપુરા - કે. મણીભાઈની ખરી | ૪૧ |
| ૨૨-૦૧-૧૩ | મંદિર (કાસોર) લાડકુઈ - પાંચલીપુરા - સૈજપુરા - ધોરીકુઈ | ૫૨ |
| ૨૩-૦૧-૧૩ | મંદિર (વડતાલ) શ્રીજીપુરા - શંકરપુરા - કૃષ્ણનગર | ૩૨ |
| ૨૪-૦૧-૧૩ | મંદિર (ચકલાસી) વિજયનગર - ભગવાનપુરા | ૫૦ |
| ૨૫-૦૧-૧૩ | બામરોલી - સીમ - પ્રકાશનગર | ૨૫ |
| ૨૬-૦૧-૧૩ | ચકલાસી - જાદવપુરા - ભગવાનપુરા | ૫૩ |
| ૨૮-૦૧-૧૩ | મંદિર - નવાપુરા-કે. મણીભાઈની ખરી | ૪૬ |
| ૨૯-૦૧-૧૩ | મંદિર - લાડકૂઈ-પાંચલીપુરા-સૈજપુરા-ધોરીકૂઈ | ૫૮ |
| ૩૦-૦૧-૧૩ | વડતાલ-શ્રીજીપુરા-શંકરપુરા-કૃષ્ણનગર | ૪૦ |
| ૩૧-૦૧-૧૩ | મંદિર-ચકલાસી-વિજયનગર-ભગવાનપુરા | ૩૫ |
| ૦૫-૦૨-૧૩ | મંદિર-લાડકૂઈ-પાંચલીપુરા-ધોરીકૂવા | ૬૫ |
| ૦૬-૦૨-૧૩ | મંદિર-વડતાલ-શ્રીજીપુરા-શંકરપુરા-કૃષ્ણનગર | ૪૧ |
| ૦૭-૦૨-૧૩ | મંદિર-ચકલાસી-જાદવપુરા-ભગવાનપુરા | ૩૫ |
| ૦૮-૦૨-૧૩ | મંદિર-બામરોલી સીમ -પ્રકાશનગર-આનંદનગર | ૨૮ |
| ૦૯-૦૨-૧૩ | મંદિર-ચકલાસી-જાદવપુરા-ભગવાનપુરા | ૫૪ |
| ૧૧-૦૨-૧૩ | મંદિર-કાસોર-નવાપુરા-કે.મણીભાઈની ખરી-ધોરીકૂવા | ૨૫ |
| ૧૨-૦૨-૧૩ | મંદિર-કાસોર-પાંચલીપુરા-ધોરીકૂઈ | ૪૨ |
| ૧૩-૦૨-૧૩ | મંદિર-વડતાલ-શંકરપુરા-શ્રીજીપુરા | ૨૫ |
| ૧૪-૦૨-૧૩ | મંદિર-વિજયનગર-ભગવાનપુરા | ૪૮ |
| ૧૫-૦૨-૧૩ | મંદિર-બામરોલી સીમ-પ્રકાશનગર-આનંદપુરા | ૫૭ |
| ૧૬-૦૨-૧૩ | મંદિર-ચકલાસી-જાદવપુરા-ભગવાનપુરા | ૫૬ |
| ૧૮-૦૨-૧૩ | મંદિર-કાસોર-નવાપુરા-કે.મણીભાઈની ખરી | ૩૦ |
| ૧૯-૦૨-૧૩ | મંદિર-લાડકૂઈ-પાંચલીપુરા-સૈજપુરા-ધોરીકૂઈ | ૭૨ |
| ૨૦-૦૨-૧૩ | મંદિર-વડતાલ-શ્રીજીપુરા-શંકરપુરા-કૃષ્ણનગર | ૫૨ |
| ૨૧-૦૨-૧૩ | મંદિર-ચકલાસી-વિજયનગર-ભગવાનપુરા | ૪૩ |
| ૨૨-૦૨-૧૩ | મંદિર-બામરોલી સીમ-પ્રકાશનગર-આનંદપુરા | ૩૨ |
| ૨૩-૦૨-૧૩ | મંદિર-ચકલાસી-જાદવપુરા-ભગવાનપુરા | ૪૦ |
| ૨૬-૦૨-૧૩ | મંદિર-લાડકૂઈ-પાંચલીપુરા-સૈજપુરા-ધોરીકૂવા | ૫૮ |
| ૨૭-૦૨-૧૩ | મંદિર-શ્રીજીપુરા-શંકરપુરા-કૃષ્ણનગર | ૪૫ |
| ૨૮-૦૨-૧૩ | મંદિર-ચકલાસી-વિજયનગર-ભગવાનપુરા | ૩૫ |
| ૦૧-૦૩-૧૩ | મંદિર-બામરોલી-સીમ-પ્રકાશનગર-આનંદનગર | ૪૪ |
| ૦૨-૦૩-૧૩ | મંદિર-જાદવપુરા-ભગવાનપુરા | ૬૫ |

### શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ આયોજીત

# ચૈત્રી સમૈયો

# તથા ૨૩૨મો શ્રીહરિ પ્રાગટ્યોત્સવ



| પ્રારંભ | સમય | પૂર્ણાહૂતિ |
|---|---|---|
| ચૈત્ર સુદ ૯ને શનિવાર<br>**તા. ૨૦-૪-૨૦૧૩** | સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાકે<br>સાંજે ૩-૩૦ થી ૬-૩૦ કલાકે | ચૈત્ર સુદ પૂનમને ગુરુવાર<br>**તા. ૨૫-૪-૨૦૧૩** |

## સ્થળ : સભા મંડપ, શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલ ચૈત્રી સમૈયાની
પાવનકારી પરંપરા અનુસાર વડતાલધામને આંગણે
**પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના
દિવ્ય સાંનિધ્યમાં એવંમ્ વડીલ બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં
ચૈત્ર સુદ નોમ શનિવાર તા. ૨૦-૪-૨૦૧૩થી ચૈત્ર સુદ પુનમ ગુરુવાર તા. ૨૫-૪-૨૦૧૩ સુધી
અતિ દિવ્યતા સભર **ચૈત્રી સમૈયો** તથા **શ્રીહરિ પ્રાગટ્યોત્સવ**નું
ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.
આ સમૈયા અંતર્ગત સદ્ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી હરિના ચરિત્રોથી ભરપુર

## ભક્તચિંતામણી પરચા વિભાગ પારાયણ નું

સુંદર આયોજન કરવામાં આવેલ છે જેના વક્તા પદે સંપ્રદાયના નવયુવાન
**પ.પૂ.શ્રી વિવેકસાગરદાસજી સ્વામી (કલાકુંજ સુરત)** તથા
**પ.પૂ.શ્રી દર્શનવલ્લભદાસજી સ્વામી (કંડારી ગુરુકુલ)**
બીરાજી સુંદર કથામૃતનું રસપાન કરાવશે.
તથા તા. ૨૦-૪-૨૦૧૩ને ચૈત્ર સુદ નોમના રોજ રાત્રે ૧૦-૧૦ કલાકે મહાપ્રભુ ભગવાન
શ્રી સ્વામિનારાયણનો ૨૩૨મો પ્રાગટ્ય મહોત્સવ ખુબ ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ ચૈત્રી સમૈયા પ્રસંગે પોથીયાત્રા, ભક્તચિંતામણી કથામૃત, શ્રીહરિપ્રાગટ્ય મહોત્સવ,
યજ્ઞ મહાપૂજા, જળયાત્રા, અભિષેક તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવંમ્ વડીલ બ્રહ્મનિષ્ઠ
સદ્ગુરુ સંતોના આશીર્વચનનો લાભ લેવા સહ પરિવાર પધારવા આમંત્રણ છે.

**લી. પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી, વડતાલ)**

**નોંધ : ૧) યજ્ઞ-મહાપૂજામાં બેસનારે રૂ. ૭૦૧-૦૦ ભરી વહેલામાં વહેલી તકે મંદિરની પાકી પહોંચ મેળવી લેવાની રહેશે. ૨) યજ્ઞ ચૈત્ર સુદ-૯ને શનિવાર તા. ૨૦/૦૪/૨૦૧૩ના રોજ સવારે ૮-૦૦ કલાકે શરૂ થશે અને ચૈત્ર સુદ-૧૦ને રવિવાર તા. ૨૧/૦૪/૨૦૧૩ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે સમાપ્તિ થશે. ૩) યજ્ઞ મહાપૂજા, ઉદ્યાપનમાં જેને બેસવું હોય તેમણે વડતાલ મંદિરના પ.પૂ. મુખ્ય કોઠારીશ્રીની ઓફિસમાં સંપર્ક કરવો. ૪) યજ્ઞમાં બેસનારે ચૈત્ર સુદ-૮ને શુક્રવાર તા. ૧૯/૪/૨૦૧૩ના રોજ સાંજ સુધીમાં વડતાલ આવી જવું. ૫) યજ્ઞમાં બેસનારે બે થાળી, વાડકી, બે આચમની તથા બે આસનિયાં સાથે લેતાં આવવું. ૬) ફરાળ તથા પૂજાપો વડતાલ મંદિર તરફથી આપવામાં આવશે.**

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month










## વડતાલધામ ખાતે યોજાયેલ ભવ્ય શાકોત્સવની ઝલક



વડતાલ ટેમ્પલ બોર્ડના સહકારથી
પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજની
ઉપસ્થિતિમાં વાસદ ખાતે યોજાયેલ 'યુવા સંત શિબિર'